# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

## જ્ઞાનગંગા

મુખપત્ર

વર્ષ: ૩ અંક: ૮ અને ૯ (ફક્ત આંતિરક વિતરણ) મે,૨૦૦૮




या मेधां देवगणाः पितरश्चोपास्ते ।
तथा भामय मेघायाडग्ने मेघाविनं कुरु स्वाहा ।। - યજુર્વેદ

હે ઈશ્વર ! વિદ્વાન, તત્ત્વદર્શી તથા આત્મજ્ઞાની પુરુષો જે મેધાવી બુદ્ધિ દ્વારા સંસારમાં શ્રેષ્ઠ કર્મો પરિપૂર્ણ કરે છે તેવી મેધાવી બુદ્ધિ અમને પણ આપો.

### કુલપતિશ્રીની કલમે

આજકાલ આપણું રાષ્ટ્રિયજીવન સ્વાસ્થ, શિક્ષા અને સુખની રાષ્ટ્રિય તથા આંતરરાષ્ટ્રિય તાલિકાઓના આધારે માપવામાં આવે છે. આના માપદંડો જુદા હોય છે. ૨૦૨૦ સુધી ભારતને વિકસીત રાષ્ટ્ર તરીકે જોવા માટે આ તાલિકાઓ અથવા માનદંડોમાં ખરા ઉતરવાનું જરૂરી ગણાય છે પણ વર્તમાન સ્થિતિ અને વ્યવહાર જોઈને "ભારત ૨૦૨૦"ના સ્વપ્ન સામે પ્રશ્ન ઉપસ્થિત થઈ જાય છે. વિશેષ કરીને ત્યારે જ્યારે જીવનના વિવિધ પાસાંઓમાં ગેરરીતિ અને ભ્રષ્ટ્રાચારના સમાચારો વાંચવામાં અથવા સંભળાય છે ત્યારે સવાલ થાય છે કે ૨૦૨૦ તો દૂર ૨૦૫૦ સુધી પણ આપણે વિકસીત રાષ્ટ્ર થઈ જઈએ તો સારું, અને ધારો કે ૨૦૨૦ સુધી આપણે વિકસીત રાષ્ટ્ર થઈએ તો પ્રમાણિકતાહીન અને નૈતિકતાહીન રાષ્ટ્ર અથવા સમાજની આર્થિક સમ્પન્તાનો અર્થ શું? મૂલ્ય આધારિત ભારતની સંસ્કૃતિ માત્ર વિકસિત ભારતીય અર્થવ્યવસ્થા કરતા વધારે મહત્ત્વપૂર્ણ છે.

રાષ્ટ્રના વિકાસમાં અને સંસ્કૃતિ સંરક્ષણના માનદંડોમાં શિક્ષણ સૌથી અગત્યનું છે અને વિકસીત રાષ્ટ્રની શ્રેષ્ઠતા શિક્ષણની ઉચ્ચ સંસ્થાઓની કક્ષા પર નિર્ધારિત થાય છે. વિશ્વસ્તરીય વિકસીત રાષ્ટ્ર થવા માટે વિશ્વસ્તરીય ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ વિશેષ કરીને વિશ્વવિદ્યાલયોની જરૂર હોય છે. વિશ્વવિદ્યાલયો સ્થાનિક અને રાષ્ટ્રિય સ્તરે માનદંડોથી મપાય છે પણ આજકાલ તેનું પણ માનદંડ આંતરરાષ્ટ્રીય થઈ ગયું છે. શંઘાઈ જીઆઓ સેંગ યુનિવર્સિટીની રેન્કિંગ પ્રમાણે આજે વિશ્વની સર્વશ્રેષ્ઠ પચાસ યુનિવર્સિટીમાંથી સાડત્રીસ યુનિવર્સિટી અમેરિકામાં સ્થિત છે. આ રેન્કિંગ બદલવાની નિશ્ચિત છે અને જેવી રીતે ચીન ઉચ્ચ શિક્ષણમાં નિવેશ કરે છે તેને જોઈને લાગે છે કે તે અમેરિકન યુનિવર્સિટીઓને સારી સ્પર્ધા પૂરી પાડવા માટે સક્ષમ બની રહેશે. ચીનની તુલનામાં ભારતની ઉચ્ચ શિક્ષણમાં સ્થિતિ ઘણાં અંશે સુખદ નથી. આ યુનિવર્સિટીઓની સંખ્યા, શિક્ષકો અથવા વિદ્યાર્થીઓની સંખ્યા, પાઠ્યક્રમોની સંખ્યા, ગુણવત્તાયુક્ત સંશોધનમાં ઓછી ભાગીદારીમાં જોઈ શકાય છે. ૨૦૨૦ સુધી જો ભારતને વિકસીત રાષ્ટ્ર બનવાનું હોય તો ઉચ્ચ શિક્ષણની વિશ્વની સર્વશ્રેષ્ઠ પચાસ યુનિવર્સિટીઓમાં ઓછામાં ઓછી પંદર યુનિવર્સિટીઓ ભારતની હોવી જોઈએ. જેને માટે અમેરિકા, યૂરોપ અને સંભવિત શિક્ષણ શક્તિ ચીનને પણ સ્પર્ધામાં પાછળ દોડવું પડશે.આપણી પાસે જે સમર્થ યુવા શક્તિ, શંસાધનો, સજીવ પ્રજાતંત્ર અને મજબુત અર્થ વ્યવસ્થા છે એવા સંજોગોમાં ૨૦૨૦ સુધીમાં આ લક્ષ્ય પુરું નહી થાય તો આપણું દુર્ભાગ્ય ગણાશે.

હવે સવાલ ઊભો થાય છે કે વિશ્વસ્તરિય યુનિવર્સિટીના માનદંડો ક્યા હોઈ શકે? આમાં ઘણા બધા તત્ત્વોનો સમાવેશ કરી શકાય.

- શિક્ષણની શ્રેષ્ઠતા અને ગુણવતા પ્રત્યે વ્યાપક્તા અને ઉંડાણ સાથે પ્રતિબધ્ધતા શ્રેષ્ઠ વિશ્વવિદ્યાલયના જીવનમાં જો દરેક નહી તો મોટા ભાગના ક્ષેત્રોમાં લાંબા સમય સુધી હોવી જોઈએ અને શ્રેષ્ઠ માનદંડોને સમયસર બદલવાની અથવા વધારવાની અનુકૂળતા પણ હોવી જોઈએ.

શ્રેષ્ઠ વિશ્વવિદ્યાલયને શિક્ષણ અને અધ્યયન, શોધ, વિસ્તરણની ગતિવિધિઓના જુદા જુદા વિદ્યાશાખાઓમાં આંતરવિદ્યાકીયના અભિગમને પ્રોત્સાહન આપવું જોઈએ અને એકાંગી અભિગમ જીવનના કોઈપણ ક્ષેત્રમાં વિશેષ કરી ઉચ્ચ શિક્ષણમાં નહી ચાલી શકે. આ સાથે વૈશ્વિક પરિપ્રેક્ષ્યમાં આંતરરાષ્ટ્રિય જોડાણ અને સહયોગ એકબીજાની પારસ્પરિક ઉન્નતિ માટે અપનાવવુ પડશે. જેના માટે જરૂરી છે કે શ્રેષ્ઠ યુનિવર્સટીઓ પોતાની સારી પરંપરાઓને જાળવીને રાખે પણ સાથે તેને પરંપરાગત સીમાઓથી આગળ વિચારવાનું અને ઓળગંવાની તૈયારી પણ બતાવવી પડશે.

- આપણા વિશ્વવિદ્યાલયોને ઉચ્ચસ્તરીય સંશોધન જેને "કટિંગ" એજ અથવા ક્રિટિકલ રીસર્ચ કહેવાય છે તેમાં વૈશ્વિક સ્તરે ભાગીદારી વધારવી પડશે. વિશ્વની શોધ સંસ્થાનો આપણા યુનિવર્સિટીના ડિપાર્ટમેન્ટમાં થતી શોધ અને સંશોધનની નોંધ લે તેવા સંશોધનને પ્રોત્સાહન આપવું પડશે.

- આ માટે ધ્યાનમાં રાખવા જેવી બાબત એ છે કે શ્રેષ્ઠ સંશોધન માટે પાયાની વસ્તુ છે કે તે શ્રેષ્ઠ શિક્ષણ દ્વારા

વિશ્વવિદ્યાલયો સમાજને જુદા-જુદા ક્ષેત્રોમાં નેતૃત્વ આપવા માટે વિદ્યાર્થીઓ બહાર પાડે. અહીં ભારત જેવા દેશને ધ્યાનમાં રાખવાની જરૂર એ છે કે શ્રેષ્ઠતા અથવા ગુણવત્તા અથવા કલાસના માપદંડોના આગ્રહના કારણે સમાજનો એક મોટો વર્ગ જેને શિક્ષણ જ નથી મળ્યું તે વંચિત ન રહી જાય. જ્યાં લગભગ ૯૦% આબાદી ઉચ્ચ શિક્ષણ મેળવી શકતી નથી તો એવા સંજોગોમાં તેને માટે ગુણવત્તા યુક્ત ઉચ્ચ શિક્ષણ માત્ર એક પોકળ સૂત્ર બનીને ન રહી જાય. જેને માટે શ્રેષ્ઠ ઉચ્ચ શિક્ષણ સાથે તેનાથી વંચિત સમાજ અને વર્ગોને શિક્ષણના વ્યાપમાં સામેલ કરવાનું રહે છે.

- વિશ્વની શ્રેષ્ઠ યુનિવર્સિટીઓની ઓળખાણ માત્ર ઉચ્ચસ્તરિય શિક્ષણ, સંશોધન, શોધ ,ખોજોની સફળતાઓની સંખ્યાથી નહી થઈ શકે. સારી યુનિવર્સિટી સ્થાપિત સત્યો સામે પણ પ્રશ્ન કરે છે જેનાથી જવાબો ઉત્પન્ન થાય છે એવા પ્રશ્નો ઉત્તરો કરતા વધારે મહત્ત્વપૂર્ણ છે. તેમજ શોધની સફળતા કરતા અસફળતાની સંખ્યા શ્રેષ્ઠ યુનિવર્સિટીની નિશાની છે. ભારત સરકારના નેશનલ નોલેજ કમિશનના ચેરમેન ડૉ. સામ પીત્રોડાએ એક સાક્ષાત્કાર દરમિયાન કહ્યું કે આપણી યુનિવર્સિટીઓમાં અસફળતાઓને વધાવવાની પ્રણાલી નથી. આપણે અસફળતાઓને ઉજવવાનું શીખી જવું જોઈએ. કેમકે દરેક મોટી સફળતા અથવા શોધની પાછળ ઘણી અસફળતાઓની શૃંખલા હોય છે. ફક્ત અસફળતાઓના ગર્ભમાં જ એવી નવી ખોજોની સંભાવનાઓના બીજ હોય છે જેમાં માનવ ઈતિહાસને નવી દિશા આપવાની ઊર્જા/શક્તિ હોય છે.

- આ સાથે શ્રેષ્ઠ શિક્ષણમાં સંશોધન સાથે તેના વોકેશનલાઈઝેશનની પણ જરૂર છે કેમકે જ્યાં સુધી પેટ નહીં ભરાય ત્યાં સુધી શિક્ષિત બેરોજગાર કેટલા સમય સુધી સંશોધન કરી શકશે? પણ શિક્ષણના વોકેશનાલાઈઝેશનને કારણે જેવી રીતે શુધ્ધ સંશોધન લુપ્ત થઈ રહ્યું છે તે ચિંતાનો વિષય છે. યુનિવર્સિટીઓમાં શુધ્ધ સંશોધનને પરત લાવવું પડશે. વોકેશનલાઈઝેશન તથા સંશોધન વચ્ચે સામંજસ બેસાડવામાં ધ્યાન રાખવાની વસ્તુ એ છે કે આપણે એક વિદ્યાર્થીને સુથાર તો બનાવીએ પણ આ સુથારની પાછળ જે માનવી છે તે માનવ બન્યો રહે.

ઉપર ચર્ચાયેલ વિશ્વસ્તરીય સંસ્થાના ગુણો સાર્વભૌમિક નથી પણ ભારત જેવા સમાજ જે એક જ સમયમાં જુદા જુદા દેશને કાળમાં જીવે છે તેને આ બધી બાબતોમાં સામંજસ્ બેસાડવાનું છે. તેમજ કોઈ કારણોસર કોઈપણ સંજોગોમાં વૈશ્વિક કક્ષાની યુનિવર્સિટીઓથી આપણે આપણા યુવા વર્ગને વંચિત નહી રાખી શકીએ.

: અસ્તુ :

અવધેશકુમાર સિંહ

## ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી વ્યાખ્યાનમાળા

### “ભારતીય શિક્ષણ : પરંપરા અને પરિવર્તન”

ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી વ્યાખ્યાન દ્વારા શિક્ષણની કડીમાં નવો ચીલો ચીતરીને જેના નામે યુનિવર્સિટીની સ્થાપના થઈ છે, તેવા ડૉ.બાબાસાહેબ આંબેડકરના નામે ડૉ.બાબાસાહેબ આંબેડકર વ્યાખ્યાનમાળા શરૂ કરેલ છે. આ વ્યાખ્યાનમાળામાં શિક્ષણ અને તેને સંબંધિત વિષય ઉપર રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે શિક્ષણમાં વિશિષ્ટ યોગદાન કરનાર મહાપુરુષોનું વ્યાખ્યાન ગોઠવવામાં આવે છે.



પરમ પૂજ્ય શ્રી મોરારીબાપુ

આ વ્યાખ્યાનમાળાનું ઉદ્‌ઘાટન તા. 22-12-2007 ના રોજ પરમ પૂજય શ્રી મોરારી બાપુના વરદ હસ્તે ટાઉન હોલ ખાતે " ભારતીય શિક્ષણ : પરંપરા અને પરિવર્તન" થી કરવામાં આવ્યું.

કાર્યક્રમની શરૂઆત યુનિવર્સિટીની બહેનો દ્વારા સરસ્વતી વંદનાથી કરવામાં આવી ત્યારબાદ પરમ પૂજય મોરારી બાપુના વરદ હસ્તે દીપ પ્રાગટય કરી વ્યાખ્યાનમાળાનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું. આ પ્રસંગે ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના કુલપતિશ્રી પ્રો.એ.કે.સિંહ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ.કે.પી.જોષીપુરા, ડૉ. ઉર્મિલાબહેન અને યુનિવર્સિટીના BOM અને APBના સભ્યશ્રીઓ હાજર રહયા હતાં. યુનિવર્સિટીના નિયામકશ્રીએ સ્વાગત પ્રવચન આપ્યું હતું

" ભારતીયશિક્ષણઃ પરંપરા અને પરિવર્તન" વિષય પર પોતાના વિચારો વ્યકત કરતા પરમ પૂજય બાપુએ જણાવ્યું કે શિક્ષણનાં પાંચ સોપાન છે. રક્ષણ, નિરિક્ષણ, કાર્ય કુશળતા, તત્ત્વશિક્ષણ અને પ્રેમશિક્ષણ જેવા પાંચ મંત્રો આત્મસાત કરવા એજ સાચુ શિક્ષણ છે. દરેકને રક્ષણ અને સ્વતંત્રતા આપે તે જ સાચું શિક્ષણ. ભારતીય શિક્ષણ જગતે નવી ટેક્નોલોજી સ્વીકારવી રહી. પ્રવાહ હોય ત્યાં પરિવર્તન હોય , પરંતુ તે પરિવર્તનમાં પરિષમ બદલવી જોઈએ. શિક્ષણ પરંપરા મુજબ પરિવર્તન પણ આવકાર્ય છે, પરંતુ જેનાથી સલામતી ન જળવાય તે વ્યકિત સતત ભયથી મહેનત કરે તે શિક્ષણ કયાંય ઉપયોગી થતું નથી, જયાં જ્ઞાન ભયમુકત હોય ત્યાં જ પ્રવૃત્તિ પણ ભયમુકત હોય છે. તેથી હાલના શિક્ષણમાં સુધારો કરવાની તાતી જરૂર છે.

મોરારી બાપુએ તેમના વકતવ્યમાં વધુમાં જણાવ્યું હતુ કે રામ સેતુ તોડવામાં જે ધન રાશી વપરાય છે તે જોડવામાં વપરાવી જોઈએ. તેમના મત મુજબ છેવાડાના લોકો સુધી છેલ્લી વ્યકિત સુધી શિક્ષણ પહોંચે તેજ સાચી રામની પૂજા છે, તેમણે શિક્ષણમાં રહેલ જડ પરંપરા દૂર કરીને પ્રવાહિતા લાવવા માટે રક્ષણ, નિરીક્ષણ,




પરમ પૂજ્ય શ્રીમોરારીબાપુ, મા.કુલપતિશ્રી પ્રો.એ.કે.સિંહ, નિયામકશ્રી આર.ડી.મૂળિયા, મા.કુલપતિશ્રી જોષીપુરા(સૌરાષ્ટ્ર યુનિવર્સિટી), કુલસચિવ શ્રી કે.આર.પોટા

કાર્યકુશળતા, તત્ત્વશિક્ષણ અને પ્રેમશિક્ષણ જેવા પાંચ મંત્રો આત્મસાત કરવાની સલાહ આપી. તેમણે કહયું કે લોકોના વિચારો કરતા વ્યવહારો શુધ્ધ હોવા જોઈએ તેમણે આગામી સમયમાં આવનાર ચુંટણીને સાંપ્રત ઘટના તરીકે વર્ણવી હતી. સિંહ ત્રાડ પાડે તે તેનો સ્વભાવ છે. અંહકાર નથી. તેવી જ રીતે ગુજરાતની ગરીમાનો મહિમા ગાવો એ અસ્મિતા છે, અભિમાન નથી. તેઓએ જણાવ્યું કે શાળાઓમાં મળેલા રામકથાનાં આમંત્રણ કરતા જે દિવસે યુવાધન એકત્રિત થઈને રામકથાનું આમંત્રણ આપશે ત્યારે તેમને આનંદ થશે. તેમણે યુવાનોને મહત્ત્વના હોદ્દા પર સ્થાન આપવા પણ ભાર મૂકયો. ગંગાના પ્રવાહની જેમ શિક્ષણમાં પરિવર્તન લાવવું જોઇએ. નવી ટેકનોલોજીથી શિક્ષણને ગંગાજળની જેમ ગામડાનાં લોકોને સાક્ષાત્કાર કરવા જોઈએ. હવે પછીના સમયમાં ઓપન યુનિવર્સિટી દ્વારા અપાતા શિક્ષણની વધારેમાં વધારે જરૂરીયાત ઊભી થનાર છે અને હાલના શિક્ષણમાં સુધારો કરવાની તાતી જરૂરીયાત છે તેના પર તેમણે ભાર મૂકયો.

આ પ્રસંગે ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના કુલપતિશ્રી પ્રો.અવધેશકુમાર સિંહ ઉદ્દબોધન કરતા મોરારી બાપુને લોકનાયક જણાવ્યા હતા તેમને જણાવ્યું કે ગુજરાતનું યુવાધન નિતિ, સત્ય વગેરે મૂલ્યોને આત્મસાત કરે તે આજની મહત્ત્વની જરૂરીયાત છે. વ્યકિતના નિર્માણથી જ સમાજનું નિર્માણ થાય છે. યુવા વર્ગને કેન્દ્રમાં રાખીને યુવા કથાનું આયોજન કરાશે. જેને મોરારી બાપુએ સમર્થન આપ્યું હતું. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિશ્રી કમલેશભાઈ જોષીપુરાએ તેમના વકતવ્યમાં જણાવ્યું કે આજે રાજયની દરેક યુનિવર્સિટીમાં પ.પૂ.મોરારી બાપુની કથા યોજાય તેવી જરૂરીયાત ઉભી થઇ છે. ફેબ્રુઆરી મહિનામાં યુવાકથાનું આયોજન સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ખાતે કરવામાં આવશે.



પ.પૂ.મોરારીબાપુની કથા સાંભળતા શ્રોતાગણ

પૂજ્ય મોરારીબાપુના વ્યાખ્યાન પૂર્વે યુનિવર્સિટીનો પરિચય સૌને મળી રહે તે માટે મલ્ટીમિડિયા દ્વારા પ્રેઝન્ટેશન કરવામાં આવ્યું હતું.

વ્યાખ્યાનમાળામાં યુનિવર્સિટીના અધિકારીઓ, વ્યાખ્યાતાશ્રીઓ, અન્ય કર્મચારીઓ, યુનિવર્સિટીનાં એમ.એસ.ડબલ્યુ.નાં વિદ્યાર્થીઓ, અન્ય યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ, કેન્દ્રના સંયોજકશ્રીઓ હાજર રહયાં હતાં. યુનિવર્સિટી તરફથી બાબાસાહેબના ૨૯ જેટલા ગ્રંથોની ભેટ બાપુને અર્પણ કરવામાં આવેલ. અંતમાં ઉપસ્થિત સૌને પ્રસાદી આપી વ્યાખ્યાન પૂર્ણ કરવામાં આવ્યું.

## સંશોધન કાર્ય વિષય પરામર્શન MSW

તા. ૨૨/૧૨/૦૭ ના રોજ એચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ ખાતે MSW-II ના વિદ્યાર્થીઓ માટે "અધ્યયન સામગ્રી વિતરણ અને પરામર્શન સત્ર" નું આયોજન કરવામાં આવેલ. જેમાં તેઓને રૂબરૂમાં અધ્યયનસામગ્રી આપવામાં આવેલ અને MSW-II ના અભ્યાસક્રમના ભાગરૂપ "સંશોધન કાર્ય" વિષય અનુસંધાને Face to Face પરામર્શન આપવામાં આવેલ. જેમાં વિષય નિષ્ણાત તરીકે ડૉ. ચંદ્રકાન્ત ઉપાધ્યાય અને ડૉ. વૈશાલીબેન શાહ દ્વારા સંશોધન કાર્યની પધ્ધતિ અંગે વિગતે માહિતી-માર્ગદર્શન પુરુ પાડવામાં આવેલ. સંપૂર્ણ કાર્યક્રમનું આયોજન પ્રોજેકટ ઓફિસર શ્રી રાજુભાઈ વન અને ડૉ. ધવલ પંડયા (વ્યાખ્યાતા-કોમર્સ મેનેજમેન્ટ) દ્વારા કરવામાં આવેલ.

## મા.ઉચ્ચશિક્ષણ મંત્રીશ્રી માયાબેન કોડનાની યુનિવર્સિટીની મુલાકાતે

તા.૦૪-૦૨-૦૮ના રોજ મા.ઉચ્ચશિક્ષણ મંત્રીશ્રી માયાબેન કોડલાણીએ ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની મુલાકાત લીધી હતી. કુલપતિશ્રી પ્રો.એ.કે.સિંહ, બી.ઓ.એમના સભ્યશ્રીઓ, અધિકારીશ્રીઓ અને વ્યાખ્યાતાશ્રીઓ સાથે માન.કુલપતિશ્રીની ચેમ્બરમાં મળ્યા હતાં. યુનિવર્સિટી દ્વારા તૈયાર કરેલ યુનિવર્સિટીની ગતિવિધીઓ વિશેનું પ્રેઝન્ટેશન કરવામાં આવેલ. ત્યારબાદ યુનિવર્સિટી દ્વારા ચાલતા અભ્યાસક્રમોની અભ્યાસ સામગ્રી અને સેટઓડિયલ પ્રોગ્રામની સી.ડીના પ્રદર્શનની મુલાકાત લીધી હતી

## CCC/CCC+ ઈન સર્વીસ ટ્રેનીંગ અભિમુખતા કાર્યક્રમ

યુનિવર્સિટી દ્વારા તાજેતરમાં CCC/CCC+ ઈન સર્વીસ ટ્રેનીંગ અંગે માહિતી આપવા માટે કેન્દ્રોનાં કો-ઓર્ડીનેટરશ્રીઓની એક બેઠકનું તા.22/12/07 નાં રોજ એચ.કે. આર્ટ્સ કૉલેજ, આશ્રમરોડ, અમદાવાદ ખાતે આયોજન કરવામાં આવેલ. સદર મીટીંગમાં હાજર રહેલ દરેક કો-ઓર્ડીનેટરશ્રીઓને આ પ્રોજેકટ અંતર્ગત વિગતવાર માહિતી આપવામાં આવેલ, આ ઉપરાંત દરેક કેન્દ્ર પર કઈ રીતે પ્રવેશ પ્રક્રિયા કરવાની રહેશે તેમજ કઈ રીતે પ્રેક્ટીકલ લેવાના રહેશે તે બાબતોથી માહિતગાર કરવામાં આવેલ. આ મિટીંગમાં હાજર રહેલ કો-ઓર્ડીનેટરશ્રીઓને આ અભ્યાસક્રમ અંગેની માહિતી માર્ગદર્શક પુસ્તિકા તેમજ પ્રવેશફોર્મ અને પ્રવેશ અંગેની C.D. આપવામાં આવેલ છે. આ અભ્યાસક્રમનાં પ્રવેશફોર્મ કેન્દ્રો પરથી જ મેળવી ત્યાં જ પરત કરવાના રહેશે. કેન્દ્રો દ્વારા વિદ્યાર્થીઓનો પ્રવેશ કરી તે અંગેની C.D. આપવામાં આવેલ છે. જે મંજૂરી મળ્યે કેન્દ્રોને માહિતી

આપવામાં આવશે. આ પ્રોજેક્ટ અનુસાર મંજૂરી મળેલ કેન્દ્રોએ CCC અંતર્ગત કુલ 45 કલાકનું પ્રેક્ટીકલ કાર્ય તથા CCC+ માં 75 કલાકનું પ્રેક્ટીકલ કાર્ય કરવાનું રહેશે. આ પ્રેક્ટીકલ કાર્ય પૂર્ણ કર્યા અંગેની માહિતી જે તે કેન્દ્ર દ્વારા મળ્યા બાદ જ યુનિવર્સિટી દ્વારા સર્ટિફીકેટ આપવામાં આવશે. આ સર્ટિફીકેટને આધારે કર્મચારી ITI કે SPIPA માં પરીક્ષા આપી શકશે. આ પરીક્ષા જે તે કર્મચારીએ જાતે જ વ્યવસ્થા કરી ITI કે SPIPA માં તેમના જ નિયત કેન્દ્રો પર આપવાની રહેશે. યુનિવર્સિટીમાં ચાલતા CCC/CCC+ અભ્યાસક્રમ અને CCC/CCC+ Inservice Training એ બંને અલગ અલગ તેની ખાસ નોંધ લેવી.

આ બંને પ્રોગ્રામ અંતર્ગત ફી નું ધોરણ પણ અલગ અલગ રાખવામાં આવેલ છે. આ પ્રોજેક્ટ અંતર્ગત ફક્ત જેની સર્વિસ ચાલુ હોય તેવા જ સરકારી કર્મચારીઓ પ્રવેશ મેળવી શકશે.

## સ્વાસ્થ્ય રક્ષા યોગ શિબિર...

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા તા.25/12/07 થી તા.06/01/08 દરમ્યાન હવેલી હોલ, શાયોનાસીટીની સામે, ચાણક્યપુરી, અમદાવાદ ખાતે સવારે 6:00 થી 7:30 (શિબિર-1) અને સાંજે 5:00 થી 6:00 (શિબિર-2) "સ્વાસ્થ્ય રક્ષા યોગ શિબિર" યોજવામાં આવેલ. જેમાં યુનિવર્સિટીના યોગ વિજ્ઞાન અભ્યાસક્રમના વિદ્યાર્થીઓ ઉપરાંત




યોગશિબિરમાં યુનિવર્સિટીના કુલપતિશ્રી પ્રો.એ.કે.સિંહ, ડૉ.વિક્રમ ઉપાધ્યાય અને વ્યા.દશરથભાઈ જાદવ

શહેરના નાગરિકોએ પણ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો.

પ્રથમ દિવસે સવારે 6:00 કલાકે દીપ પ્રાગટ્ય કરી સ્વાસ્થ્ય રક્ષા યોગ શિબિરનો પ્રારંભ કરવામાં આવેલો. જેમાં 80 કરતાં વધારે શિબિરાર્થીઓએ રજીસ્ટ્રેશન કરાવી ભાગ લીધો હતો. આ શિબિરમાં ડૉ. કમલેશ રાજગોર, ડૉ. વિક્રમ ઉપાધ્યાય, જશુભાઈ પટેલ, હીરાભાઈ પરમાર વગેરેએ હાજરી આપી શિબિરાર્થીઓને યોગ શિક્ષણ પૂરું પાડ્યું હતું. શિયાળાની કડકડતી ઠંડીમાં પણ રોજ સવારની શિબિરમાં 80 થી 100 શિબિરાર્થીઓ નિયમિત યોગાભ્યાસ કરતા હતા તથા સાંજની શિબિરમાં 20 થી 30 શિબિરાર્થીઓ ઉપસ્થિત રહેલ. સાંજની શિબિર ખાસ કરીને અભ્યાસક્રમના તજ્જ્ઞો, યુનિવર્સિટીના સંયોજકો, લેખકો તથા યુનિવર્સિટીના કર્મચારીઓ માટે રાખવામાં આવી હતી. જેમાં તમામે ઉત્સાહભેર ભાગ લીધો હતો.

શિબિરના સમય ગાળાની મધ્યમાં એટલે કે 30/12/07 ને રવિવારના રોજ સવારે 6 થી 7 કલાક દરમ્યાન યુનિવર્સિટીના કુલપતિશ્રી, પ્રો.અવધેશકુમાર સિંહ સાહેબ તથા મદદનીશ કુલસચિવ(ઈ/ચા) દશરથભાઈ જાદવે હાજરી આપી શિબિરાર્થીઓને પ્રોત્સાહન તથા માર્ગદર્શન પૂરું પાડ્યું હતું તથા સ્વાસ્થ્યરક્ષા યોગ શિબિર યોજવા અંગેનો યુનિવર્સિટીનો હેતુ પણ સ્પષ્ટ કર્યો હતો. એ દિવસે શિબિરાર્થીઓનું પ્રકૃતિ નિદાન કરવામાં આવ્યું હતુ. જેમાં ડૉ. ભાવેશભાઈ, ડૉ. વિક્રમ ઉપાધ્યાય, ડૉ. ઝલકબેન પટેલ, ડૉ. જસ્મીનભાઈ, ડૉ. રીનાબેન ભાવસાર તથા ડૉ. ફાલ્ગુનભાઈ પટેલ વગેરે યોગ નિષ્ણાતશ્રીઓએ પણ હાજરી આપી હતી.



યોગશિબિરના શિબિરાર્થીઓ

તા.04/01/08 અને 05/01/08 ના રોજ યુનિવર્સિટીના કર્મચારીઓએ આ શિબિરનો સાંજે 5:00 થી 6:00 દરમ્યાન લાભ લીધો હતો. જેમાં વિક્રમ ઉપાધ્યાય તથા શિવાશ્રમ દંતાલીના સંયોજકશ્રી ડૉ. જીતુભાઈ પંચાલ હાજર રહયા હતા. શિબિરાર્થીઓને યોગ અને નેચરોપેથી અંગે સુંદર માર્ગદર્શન પત્રક આપવામાં આવ્યું હતું તથા નિયામકશ્રીના હાથે CYS અભ્યાસક્રમના વિદ્યાર્થીઓને શિબિરમાં હાજરી અંગેનું પ્રમાણપત્ર આપવામાં આવ્યું હતુ તથા આયુર્વેદ તજ્જ્ઞશ્રીઓ ડૉ. જીસ્મીનભાઈ, ડૉ. રીના ભાવસાર, ડૉ. ભાવેશભાઈ, ડૉ. ફાલ્ગુનભાઈ, ડૉ. હાર્દિક ભટ્ટ તથા વિડિયોગ્રાફર, ફોટોગ્રાફર શ્રી ગીરીશભાઈ દરજીનું નિયામકશ્રી દ્વારા યુનિવર્સિટી તરફથી શાલ ઓઢાડી સન્માન કરવામાં આવેલ તથા શિબિર અંગેનો અનુભવ તથા ફીડબેક ફોર્મ પણ ભરીને શિબિરાર્થીઓએ હોંશભેર જમા કરાવેલ. આ શિબિરની પૂર્ણાહૂતિ ડૉ. વિક્રમ ઉપાધ્યાય તથા ડૉ. કમલેશ રાજગોરે કરેલ.

## "ફીલોસોફીકલ આસ્પેક્ટ્સ ઓફ એજયુકેશન એન્ડ મેનેજમેન્ટ" વ્યાખ્યાન...

તા.18/01/2008 ના રોજ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી ખાતે કાર્ડિનલ સ્ટ્રિપ યુનિવર્સિટી, અમેરીકાના ડૉ. પ્રવિણ સી. કામદારનું "ફીલોસોફીકલ આસ્પેક્ટ્સ ઓફ એજયુકેશન એન્ડ મેનેજમેન્ટ" વિષય પર વ્યાખ્યાન ગોઠવવામાં આવ્યું હતું. તેઓએ ફીલોસોફીનું મહત્ત્વ, જૈન દર્શન, બૌધ દર્શન વિષય પર વિગતવાર ચર્ચા કરી હતી તેમજ જીવન વિષયના તાત્કાલિક વિચારોને રજૂ કર્યા હતા. પ્રશ્નોત્તરી દરમ્યાન તેઓએ ભારતીય અને પાશ્ચાત્ય તત્ત્વજ્ઞાન વચ્ચેનો ભેદ સ્પષ્ટ કરી જે અંતર્ગત તેઓએ પોતાના અનુભવો અને સચોટ ઉદાહરણો રજૂ કર્યા હતા.

# Knowledge Portal and Library Digitalization મીટીંગ...

ડો. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા આયોજીત Knowledge Portal પ્રોજેકટના ઈ-કન્સલટન્ટ સાથે Digitalization અંગે અને યુનિવર્સિટી લાયબ્રેરીના Digitalization માટે ચર્ચા-વિચારણા કરવા માટે IGNOU, New Delhi.ના ડો. ઉમા કાનજીલાલ સાથે સ્ટેટ ઈન્સ્ટિટ્યુટ ઓફ ફેમિલી એન્ડ હેલ્થ વેલ્ફેર ખાતે તા.01/02/08 ના રોજ મીટીંગનું આયોજન કરેલ સદર મીટીગમાં નોલેજપોર્ટલના આશરે ૪૦ ઈ-કન્સલટન્ટ હાજર રહયા હતા.

કાર્યક્રમની શરૂઆત શ્રી મીહીરભાઈ મોરીના સ્વાગત પ્રવચન દ્વારા કરવામાં આવેલ. સૌ પ્રથમ તેમને નોલેજ પોર્ટલ વિશે માહિતી આપી, ત્યારબાદ યુનિવર્સિટીનો સદર પ્રોજેક્ટ કરતી પાર્ટી દ્વારા કરેલ કામગીરીનું પ્રેઝેન્ટેશન કરવામાં આવેલ. MKCLના પ્રતિનિધિ તરીકે હાજર રહેલ શ્રી વિવેક સાવંત દ્વારા ઓનલાઈન પ્રવેશ અને પરીક્ષા વિશે પ્રેઝેન્ટેશન કરવામાં આવેલ. ત્યારબાદ ડો.ઉમા કાનજીલાલ દ્વારા ડીજીટલાઈઝેશન અને ઈ-કોર્સીસ વિશે પ્રેઝેન્ટેશન કરવામાં આવેલ.

બીજા સત્રમાં લાયબ્રેરી ડીજીટલાઈઝેશન વિશે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. આ ચર્ચામાં યુનિવર્સિટીના માન.કુલપતિશ્રી પ્રો.એ.કે.સિંહ અને યુનિવર્સિટીના વ્યાખ્યાતાશ્રીઓએ ભાગ લીધો હતો. લાયબ્રેરી ઓટોમેશન માટે સોફ્ટવેરમાં જે કામગીરી ચાલુ કરેલ છે તે પ્રમાણે કામગીરી આગળ કરવી વિદ્યાર્થીને સહાયભૂત થવા માટે લાયબ્રેરી ડીજીટલાઈઝેશન માટે નીચે મુજબની કાર્યવાહી કરી શકાય. (૧) અગાઉના વર્ષના પ્રશ્નપત્રોનું ડીજીટલાઈઝેશન કરી વેબસાઈટ પર મૂકી શકાય. (૨) સ્વાધ્યાયકાર્યોનું ડીજીટલાઈઝેશન કરી વેબસાઈટ પર મૂકી શકાય (૩) યુનિવર્સિટી દ્વારા સેટેલાઈટ-રેડિયો પ્રોગ્રામની સીડી માટે પ્રોજેક્ટ તૈયાર કરી વેબસાઈટ પર મૂકવાની કામગીરી કરી શકાય (૪) ગુજરાતી પુસ્તકોને વેબસાઈટ પર મૂકવા માટે ગુજરાતી પ્રકાશકો સાથે મીટીંગનું આયોજન કરી પ્રોજેક્ટ તૈયાર કરી શકાય.

સૌ પ્રથમ પાઈલોટ પ્રોજેક્ટ તૈયાર કરી કામગીરી શરુ કરી શકાય. સદર મીટીંગની ચર્ચા વિચારણાના અંતે ડો.ઉમા કાનજીલાલ સાથે ત્રણ દિવસીય વર્કશોપનું આયોજન કરી ટ્રેનિંગ આપવા આયોજન કરવા જણાવેલ સદર વર્કશોપમાં ડો.ઉમા કાનજીલાલે હાજર રહેવા સંમતિ દર્શાવેલ, અંતમાં હાજર રહેલ ડો.ઉમા કાનજીલાલનો આભાર માની મીટીંગ પૂર્ણ કરવામાં આવેલ.

## સંસ્કૃત ભાષા -સાહિત્ય અને અધ્યયન પદ્ધતિ...



દિપ પ્રાગ્ટય કરતાં માન.કુલપતિશ્રી,ડો.શાંતિકુમાર પંડ્યા, ડો.રાજેન્દ્ર નાણાંવતી, ડો.મણિભાઈ પ્રજાપતિ અને ડો.વિજયકુમાર પંડ્યા

તા.02/02/08 ના રોજ 'સંસ્કૃત ભાષા -સાહિત્ય અને અધ્યયન પદ્ધતિ' વિષય પર એક દિવસીય પરિસંવાદ યોજવામાં આવેલ હતો. પરિસંવાદનો પ્રારંભ ડો. દિનેશ ઠાકુરે વૈદિક મંત્રોના ઉદ્‌ઘોષથી કર્યો. પરિસંવાદનો હેતુ સંસ્કૃતના વિદ્વાનો દ્વારા યુનિવર્સિટીના બી.એ. સંસ્કૃતના વિદ્યાર્થીઓ માટે તૈયાર કરેલ અભ્યાસ સામગ્રીના વિષયો પર વિસ્તૃત ચર્ચા કરવાનો હતો મા.કુલપતિશ્રી પ્રો.એ.કે.સિંહ અને મંચસ્થ મહાનુભાવોએ દીપ પ્રાગટય કર્યુ હતું. ત્યારબાદ ઈ/ચા. નિયામકશ્રી પ્રો. આર.ડી. મૂળિયાએ સ્વાગત પ્રવચન કરી સંસ્કૃત ભાષા સાહિત્યના અધ્યયનનું મહત્ત્વ સમજાવ્યું હતું. વિશિષ્ટ અતિથિ ડો. રાજન નાણાવટી તેમને તૈયાર કરેલી અભ્યાસ સામગ્રી વિશે માહિતી આપી.ત્યારબાદ માન.કુલપતિશ્રીએ પોતાના અધ્યક્ષીય પ્રવચનમાં જણાવ્યું કે આંબેડકર યુનિવર્સિટીની સ્થાપના to reach the unreach માટે થયેલ છે. જેના માટે બી.એ. સંસ્કૃત વિષયની અભ્યાસ સામગ્રી આપણે (વિદ્વાનોને) તૈયાર કરવાની છે. લેખકોએ એજ્યુકેશનના બેઝીક સિદ્ધાંતો, ઉદ્દેશ્યોને ધ્યાનમાં રાખીને આ કામ કરવાનું છે. પ્રાચીન ભારતમાં સાહિત્યમાં જે સર્જનાત્મકતા થઈ છે તેની જાણ સંસ્કૃત દ્વારા થઈ શકે તેમ છે. આપણે ત્યાં અંગ્રેજી, જર્મની, રશીયન તમામ ભાષાઓના સાહિત્યકારોનું સાહિત્ય અનુવાદ કરી વિદ્યાર્થીઓને ભણાવીએ છીએ તો પોતાના પ્રાચીન સંસ્કૃત સાહિત્યનો અનુવાદ કરી કેમ ના ભણાવીએ? સંસ્કૃત ભાષા "માનવ દર્શન" ની ભાષા છે, તેના જ્ઞાનને વિકસાવવા માટે વિજ્ઞાન ટેક્નોલોજીનો ઉપયોગ કરવા વિદ્વાનોને જણાવ્યું હતું.

બીજા સત્રની શરૂઆત નિવૃત પ્રોફેસર સેન્ટ ઝેવિયર્સ કોલેજ, ડો. શાન્તિકુમાર પંડ્યાની અધ્યક્ષતામાં થયેલ. જેમાં ડો. વિજય ડી. પંડ્યા, વિષય "રામાયણની સમીક્ષા", ડો. રાજેન્દ્ર ઈ. નાણાવટી "સંસ્કૃત નાટય સાહિત્ય" વિષય પર પોતાના વિચાર રજૂ કરેલ.

ત્રીજા સત્રની શરૂઆત ડો. વિજય ડી. પંડયા, નિવૃત્ત રીડર, ગુજરાત યુનિવર્સિટીની અધ્યક્ષતામાં થયેલ. આ સત્રમાં ડો. શાન્તિકુમાર પંડયા, નિવૃત્ત પ્રોફેસર, સેન્ટ ઝેવિયર્સ કોલેજ વિષય "સંસ્કૃત પદ્ય સાહિત્ય પ્રાચીન કાળથી આધુનિક સુધી", નિરંજન પી. પટેલ, પ્રોફેસર એસ. પી. યુનિવર્સિટી, વી. વી. નગર, વિષય "બાણભટ્ટની કાદમ્બરી", ડો. મણીભાઈ આઈ. પ્રજાપતિ પ્રિન્સિપાલ, કોમર્સ કોલેજ, થરા "વૈદિક સાહિત્યનો પરિચય" પર વિશદ ચર્ચા કરી હતી.

અંતિમ સત્ર ડો. રાજેન્દ્ર ઈ. નાણાવટીની અધ્યક્ષતામાં થયેલ જેમાં ડો. વિશ્વનાથ શાસ્ત્રી નિવૃત્ત પ્રિન્સિપાલ આર્ટ્સ કોમર્સ કોલેજ કડી વિષય સંસ્કૃત સ્ત્રોત સાહિત્ય, ડો. અનિલ કે. શાસ્ત્રી "સ્વપ્નવાસવત્તમ્ સ્વપ્નદશ્ય" વિષય પર પોતાના વિચાર રજૂ કર્યા હતા. સત્રના અંતમાં વિદ્વાનોના પ્રશ્નોના જવાબમાં ચર્ચા વિચારણા થયેલ. સદર વિષયના કો-ઓર્ડિનેટર, ડો. વી. જી. શાસ્ત્રીએ આભારવિધિ દ્વારા એક દિવસીય પરિસંવાદ પૂર્ણ કરેલ.

## પ્રવર્તમાન બી.એડ્.અભ્યાસ કાર્યક્રમની સમીક્ષા...

તા.૦૫-૦૨-૨૦૦૮ના રોજ સવારે ૧૧-૩૦ કલાકે ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી ખાતે કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં બી.એડ્‌ના અભ્યાસ કેન્દ્રોનાં સંચાલક અને દરેક અભ્યાસ કેન્દ્ર પરથી વિવિધ વિષયના બી.એડ્.નાં વિદ્યાર્થીઓને આમંત્રણ આપવામાં આવ્યું હતું.

કાર્યક્રમની શરૂઆત બી.એડ્.ના વિદ્યાર્થીની ભગવતીબા ડાભીએ સરસ્વતી વંદના દ્વારા કરી હતી. ત્યારબાદ કાર્યક્રમમાં ઉપસ્થિત સૌ કોઈએ પોતાનો પરિચય આપ્યા બાદ કાર્યક્રમનાં અધ્યક્ષ સ્થાને મુખ્ય મહેમાનશ્રી હર્ષદભાઈ શાહ (શિક્ષણ શાસ્ત્રી) અને માનનીય કુલપતિશ્રી એ.કે. સિંહ સાહેબની ઉપસ્થિતીમાં દિપ પ્રાગટ્ય કરી કાર્યક્રમને આગળ ધપાવવામાં આવ્યો હતો. કાર્યક્રમનું સંચાલન કરતા ડૉ.ધર્મેન્દ્રભાઈ બકરાણીયાએ માનનીય શ્રી હર્ષદભાઈ શાહનો પરિચય આપ્યા બાદ તેમનું સ્વાગત માનનીય કુલપતિશ્રી સિંહ સાહેબે પુસ્તકથી કર્યું હતું. માનનીયશ્રી પ્રો.એ.કે.સિંહ સાહેબનું સ્વાગત ઈ/ચા.નિયામકશ્રી ડૉ.મૂળિયા સાહેબે પુસ્તકથી કર્યું હતું. આ કાર્યક્રમમાં ઉપસ્થિત શ્રી નટુભાઈ રાવલ, શ્રી માધુભાઈ પટેલ અને ડૉ.આર.એસ.પટેલ સાહેબનું સ્વાગત પુસ્તક આપીને કરવામાં આવ્યું હતું.

ત્યારબાદ અધ્યક્ષ સ્થાને મુખ્ય મહેમાન શ્રી હર્ષદભાઈ શાહએ શિક્ષણ દ્વારા પંચ કોષાત્મક, વિકાસ જેમા પાંચ જ્ઞાનેન્દ્રિય, પાંચ કર્મેન્દ્રિય અને ચાર શરીરની વાતને (મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર)ખૂબ જ સુંદર રીતે ઉદાહરણ દ્વારા રજૂઆત કરી હતી. આ ઉપરાંત તેમણે માતૃભાષાના શિક્ષણને અને ભાષાને સાચી રીતે લખવાની બોલવાની વાત પર ખાસ ભાર મૂક્યો હતો, કે શિક્ષણનો માતૃભાષામાં જ હોવું જોઈએ. ભાષાનો ઉપયોગ સરળ, સુંદર, સ્પષ્ટ, સચોટ અને સંક્ષિપ્ત રીતે કરવો જોઈએ જે પોતાની વાતને ઉદાહરણો આપીને ખૂબ જ સુંદર રીતે બધાની સમક્ષ મૂકી હતી.

ત્યારબાદ માનનીય કુલપતિશ્રીએ 'ભાસ્' થી 'વાક્' સુધીની શિક્ષણ યાત્રા માનવીને સુસંસ્કૃત બનાવે છે તેના સચોટ કારણો જણાવ્યા હતા. (૧) હિન્દુ સંસ્કૃતિમાં આધ્યાતમિક્તા હતી (૨) જ્ઞાનની સંસ્કૃતિ હતી (૩) ઊર્જા મૂલક સંવાદની સંસ્કૃતિ હતી. ત્યારબાદ તેમણે બી.એડ્.ના પુસ્તકમાં "ભારતીય જ્ઞાન દર્શન" નો મુદ્દો ઉમેરવાની વાત જણાવી હતી. બીજા શિક્ષણને લગતા કોર્સ શરુ કરવા સર્ટીફિકેટ ઈન ઈન્ડિયા એજ્યુકેશન થોટ્સ (ડિપ્લોમાં) બી.એડ્‌નાં વિદ્યાર્થીઓને ઉપયોગી બને તે માટે તેમણે "પારિભાષિક શબ્દો"ની શબ્દાવલી બનાવવા જણાવ્યું હતું. માનનીય કુલપતિશ્રીએ વિદ્યાર્થીના હિતમાં મૂળ ઉપયોગી બને તેવી વાતની રજૂઆત કરી હતી. આ કાર્યશાળાનાં પ્રથમ સત્રમાં ઈ/ચા.નિયામકશ્રી ડૉ.મૂળિયા સાહેબે સમયપત્રક પરીક્ષાનું પ્રશ્નપત્ર(ઓપન ટેક્ષબુક) પ્રાયોગિક પાઠ તથા સેટેલાઈટ પ્રોગ્રામની વિગતવાર માહિતી આપી હતી. આ પ્રસંગે ઉપસ્થિતશ્રી ડૉ.આર.એસ.પટેલ સાહેબે શિક્ષણને માનવપ્રદિપ્તીકરણ,સશક્તિકરણની પ્રક્રિયા જણાવી હતી. શ્રી નટુભાઈ રાવલે વિદ્યાર્થીની સમસ્યાઓ અને તેનું નિવારણ કર્યું હતું. (૧) સ્વ-અધ્યયન (૨) પ્રાર્થના સભાના ક્રેડિટ અંગેના મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી. ત્યારબાદ વર્કશોપનાં અંતે વિદ્યાર્થીઓએ કાર્યશાળામાં પોતાના અભિપ્રાયો આપ્યા હતા. તેમાં તેમણે જણાવ્યું હતું કે વિદ્યાર્થીઓનાં પ્રશ્નોનું તરત જ નિરાકરણ મળે છે. કાઉન્સેલિંગ મૂળ સંતોષકારક છે. છેલ્લે આભારવિધિ સાથે કાર્યક્રમ પૂર્ણ કરવામાં આવ્યો. કાર્યક્રમનું સંચાલન અને આભારવિધિ ડૉ.ધર્મેન્દ્રભાઈ બકરાણીયાએ કરી હતી

## Towards Comparative Poeties and Paradigms: Indian and Western Critical Tradition

ભારતીય આલોચન પરંપરા એ વિવિધ આલોચનાત્મક પરંપરાઓનું સુલભ સમન્વય છે. જેમાં સંસ્કૃત કાવ્યશાસ્ત્ર પરંપરા મુખ્યધારા સમાન તથા અરબી, ફારસી અને પાશ્ચત્ય પરંપરાઓ સમયનાં વહેણ સાથે મુખ્ય ધારાને મળતા અન્ય પ્રવાહો છે.

વીસમી સદીના ઉત્તરાર્ધમાં પાશ્ચાત્ય આલોચના અને સૈધ્ધાંતિક પરંપરાઓનું વર્ચસ્વ વધતા ભારતીય પરંપરાઓ પરના શોધ અને ચિંતનને પ્રસ્થાપિત કરવાનો યોગ્ય પ્રયાસ થયેલ નહિ.આ બાબતોને ધ્યાનમાં રાખી ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની સ્કુલ ઓફ હ્યુમેનીટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ દ્વારા તા.25 અને 26 ફેબ્રુઆરી 2008ના રોજ બે દિવસીય રાષ્ટ્રીય સેમિનારનું આયોજન GCERT ગાંધીનગર ખાતે કરવામાં આવેલ.



પદ્મ વિભુષિત શ્રી ભોળાભાઈ પટેલને શાલ તેમજ મોમેન્ટો એનાયત કરતાં મહાત્મા ગાંધી યુનિવર્સિટીના કુલાધિપતિશ્રી નામવરસિંહ અને ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના કુલપતિશ્રી પ્રો.અવધેશકુમાર સિંહ

આ સેમિનાર દ્વારા ભારતીય અને પાશ્ચાત્ય આલોચન પરંપૂરાં સંબંધિત અનેક મુદ્દાઓનો જેમકે ભારતીય અને પાશ્ચાત્ય પરંપરામાં કાવ્ય મિમાંસા કલા એક પધ્ધતિ, સંસ્કૃત આલોચન પરંપરા અને પરિવર્તન, ગુજરાતી, હિન્દી, મરાઠી તેમજ ભારતીય અને પાશ્ચાત્ય પરંપરાઓ પર તુલનાત્મક પરિપ્રેક્ષ્યમાં વિવિધ તજજ્ઞો દ્વારા મંતવ્યો રજુ થયેલ.

આ બે દિવસીય સેમિનારની શરૂઆત શ્રી ભાગવદ સંસ્કૃત વિદ્યાપીઠના વિર્ધાથીઓ ધ્વારા મા સરસ્વતીની સ્તુતિથી થયેલ જયારે તેનું ઉદ્‌ઘાટન શ્રી નામવરસિંહ, કુલાધિપતિ, શ્રી મહાત્મા ગાંધી આંતરરાષ્ટ્રીય વિશ્વ વિદ્યાલય દ્વારા દીપ પ્રાગટય કરીને થયેલ. ઉપસ્થિત મહેમાનોનો પરિચય તથા સ્વાગત યુનિવર્સિટીનાં ઇ/ચા. નિયામકશ્રી આર.ડી.મૂલિયાએ કરેલ.

યુનિવર્સિટીના કુલપતિશ્રી પ્રો.એ.કે.સિંહ સાહેબે પોતાના ઓપનીગ રીમાર્કસ દ્વારા ઉપસ્થિત મહેમાનો સમક્ષ કાર્યક્રમનો ક્રમ બદલતા થોડા મુદ્દાઓ રાખી સેમિનારને એક આગવી દિશા આપેલ. તેમણે તુલનાત્મક સાહિત્યની જરૂરીયાત પર પ્રશ્નાર્થ મુકતા તેને અનુકૂળ ભારતની આગવી પરિસ્થિતિ કે જયાં અનેક સંસ્કૃતિઓનો સુલભ સમન્વય થાય છે તે વિશેની સાહિત્યિક માહિતી આપેલ. તદુપરાંત કાવ્યશાસ્ત્રની ઉપયોગિતા પર પ્રશ્નાર્થ મૂકી તેઓએ એરીસ્ટોટલના 'ધ પોએટીકસ અને ભામાહના' 'કાવ્યાલંકાર' ના ઉદાહરણ દ્વારા સર્જનાત્મક પ્રવૃત્તિ અને કાવ્ય શાસ્ત્ર વચ્ચેના વિપરીત સંબધ વિશેનો ખ્યાલ આપેલ.



*સભાગૃહમાં ઉપસ્થિત વિવિધ વિષયોના રાષ્ટ્રભરમાંથી આવેલા તજજ્ઞો અને શ્રોતાગણ*

સેમિનારની યથાર્થતા પ્રસ્તુત કરવા તેઓએ ઉપસ્થિત દરેક તજજ્ઞો સમક્ષ ભારતની વિવિધ આલોચન પરંપરાઓ જેમ કે ગુજરાતી, હિન્દી અને સંસ્કૃત આલોચન પરંપરા અંગે નવા પરિમાણો નકકી કરવા અપેક્ષા રાખેલ.

કાર્યક્રમના અતિથિ વિશેષ પદેથી બોલતા શ્રી કપિલ કપૂર,પૂર્વ ઉપકુલપતિ, જવાહરલાલ નહેરૂ યુનિવર્સિટી, નવી દિલ્હીએ કાવ્યશાસ્ત્રની જરૂરીયાત પર પ્રશ્નાર્થ મુકતા પોતાના વ્યાખ્યાનમાં જેવી રીતે સંસ્કૃતિ અને પરંપરાનાં અલગ–અલગ પરિમાણોની જરૂર હોય છે એવી જ રીતે સાહિત્યના પણ અલગ પરિમાણોની જરૂર રહે. ભારતને એક બહુમુખી સંસ્કૃતિ તરીકે આલેખતા તેઓએ પોતાની સરળ શૈલીમાં સમજાવ્યું હતું કે ભારતની વિવિધ પ્રાદેશિક ભાષાઓનું મૂળ એક જ છે ભારતીય સાહિત્યને ઉત્સવના સાહિત્ય તરીકે વર્ણવતા તેઓએ સમજાવેલ કે પારંપારિક ભારતીય મૌખિક સાહિત્ય હજુ પણ ઘણું વિશાળ અને જીવંત છે.

ભારતીય મનોવલણને સાયુજયવાદી વર્ણવતા તેઓએ કહેલું કે આજે આપણી પાસે મુખ્ય બે ધારાઓ અસ્તિત્વમાં છે જેમાં મૂળ ભારતીય અને પાશ્ચાત્ય પરંપરાનો સમાવેશ થાય છે.

એવી જ રીતે મહાત્મા ગાંધી આંતરરાષ્ટ્રીય હિંદી વિશ્વવિદ્યાલયનાં કુલાધિપતિશ્રી નામવરસિંહે પોતાનાં મુખ્ય વકતવ્યમાં તુલનાત્મક સાહિત્યને બદલે Interface ને મહત્ત્વ આપતા ભારતીય તેમજ પાશ્ચાત્ય કાવ્યશાસ્ત્ર વચ્ચેના પ્રસ્થાન ભેદને રજુ કરેલ. તેના માટે તેઓએ પ્લેટોની 'ઈમીટેશનની' વિચારધારા તથા ભરતમુનિના 'નાટયશાસ્ત્ર'માં આપવામાં આવેલ કાવ્યની વ્યાખ્યા. "શબ્દાર્થ સહિંતા કાવ્ય" ને ખૂબ જ સાહજિક છટામાં રજુ કરેલ. તેમણે વધુમાં સમજાવેલ કે જો વ્યકિત પોતાની પ્રસ્થાન રેખાથી શરૂઆત કરે તો તેને સાચો માર્ગ મળ્યા વિના નથી રહેતો.

તેમણે જણાવેલ હતું કે જેવી રીતે ૨૦૦૦ વર્ષ બાદ પશ્ચિમની પ્રસ્થાન રેખા 'ફર્ડિનાન્ડ ડી સોસ્યોર' દ્વારા શોધવામાં આવી અને જયાંથી ડેરીડાએ શરૂઆત કરેલી તે સંદર્ભમાં ભારતીય કાવ્યશાસ્ત્ર પરંપરા સ્વાભાવિક રીતે પોતાનું પ્રભુત્વ ધરાવે છે. તેમના કહેવા પ્રમાણે પશ્ચિમી કાવ્યશાસત્ર "પોએટીક ઈમેજીનેશન" નામના શબ્દને જ પ્રાધાન્ય આપે છે જયારે ભારતીય કાવ્યશાસ્ત્ર 'કલ્પના' ને નહિ પરંતુ 'પ્રતિભાને' પ્રાધાન્ય આપે છે. અંતમાં તેમણે પોતાની વ્યંગનાત્મક શૈલીમાં જણાવેલ કે કાવ્યશાસ્ત્રને શિક્ષણ સુધી સિમિત રાખી વધારે શાસ્ત્રો ન લખીએ તો સારૂ રહેશે.

કાર્યક્રમના અધ્યક્ષ પદ્મ વિભૂષીત શ્રી ભોળાભાઈ પટેલનું શાલ ઓઢાડીને તેમજ મોમેન્ટો અર્પણ કરી સન્માન કરવામાં આવેલ. તેમના કાવ્યશાસ્ત્ર પરના વ્યાખ્યાનમાં દરેક પ્રાધ્યાપકોને તુલનાત્મક કાવ્યશાસ્ત્રનું જ્ઞાન મેળવવા અંગેનો પોતાનો અભિગમ રજુ કરેલ. તેમણે જણાવેલ હતું કે કાવ્યશાસ્ત્ર દરેક પ્રજાની અલગ–અલગ પરંપરાઓને આધારે આકાર લેતી હોય છે. તેઓએ કાવ્યાત્મક અનુભુતિ જેમ કે એરીસ્ટોટલનાં 'કેથારસીસ' અને ભરતમુનિનાં 'બ્રહ્માનંદ સહોદર'ની તુલનાત્મક રજુઆત કરેલ. ત્યારબાદ તેઓએ ભારતીય ગુજરાતી તેમજ હિંદી સાહિત્યનું વિવેચન સંસ્કૃત પધ્ધતિથી કરવા પર ભાર મુકેલ. વધુમાં તેઓએ જણાવ્યું હતુ કે શા માટે આપણે આપણી સ્થાનિક સાહિત્ય કૃતિઓનું વિવેચન 'વ્યંજના' અને 'રસ' જેવા પરિમાણોને આધારે નથી કરી શકતા જેની સરખામણીમાં પાશ્ચાત્ય વિવેચન વધુ પ્રચલિત જોવા મળે છે. તેમના જણાવ્યા પ્રમાણે આપણે આપણા જ ઉપન્યાસો અને નાટકો વિશે વિશેષમાં જાણવાની જરૂરીયાત પ્રવર્તી રહેલ છે.

બીજા સત્રની શરૂઆતનું વ્યાખ્યાન શ્રી ડૉ.ઈ.વિ.રામકૃષ્નન અધ્યક્ષ, અંગ્રેજી વિભાગ, વીરનર્મદ યુનિવર્સિટી, સુરત દ્વારા મલ્યાલી આલોચન પરંપરા પર આપવામાં આવેલ. જેમણે કૃતિ અને આલોચન વચ્ચેના સંબંધને કાયદા અને સમાજ વચ્ચેના સંબંધ સાથે સરખાવેલ. તામીલ તેમજ સંસ્કૃતની પ્રભુત્વવાળી પ્રણાલીઓની વાત કરતા તેઓએ જણાવ્યું હતુ કે મલ્યાલી આલોચન પરંપરાએ સંસ્કૃત આલોચન પરંપરાને પોતાનામાં વણી લીધી છે. પ્રાંતીય લેખકની નૈતિક જવાબદારીઓ ચર્ચતા તેઓએ સ્થાનિક રામાયણ તથા બહુ પ્રચલિત રામાયણ વચ્ચેના ભેદભાવ રજુ કરેલ. નારાયણ ગુરૂ જેવા સમાજ સુધારકોની એકથી વધારે ભાષા પરના પ્રભુત્વને વર્ણવતા તેઓએ અનુવાદને આલોચનાના એક રૂપ તરીકે ઓળખાવેલ.

ત્યારબાદ પ્રા.ડૉ.શ્રવણ શર્મા, સંસ્કૃત કાંગડી યુનિવર્સિટી, હરિદ્વારે પોતાના વ્યાખ્યાનમાં ભારતીય લેખકોની પાશ્ચાત્ય પરંપરાની જાણકારી બિરદાવતા ઘરેલું પરંપરાઓ પ્રત્યેના તેમના અજ્ઞાનને અપ્રશંસનીય જણાવેલ. વધુમાં તેઓએ જણાવેલ હતું કે ઘરેલુ પ્રથા પર પ્રભુત્વ મેળવવું એટલે બંને બાજુથી ખુદની પ્રતિભાને ખીલવવી તેમણે કુંતકના 'વક્રોકિત' ને પી.બી.શૈલીના કાવ્ય "ઓડ ટુ ધ વેસ્ટ વિન્ડ" પર આજમાવી આલોચનાનો એક નવો જ માર્ગ આપેલ.

જયારે બાલાજી રંગનાથને પોતાના પેપર "Drrida and Nagarjuna Canonisation and elipsis in the tradition" દ્વારા પાશ્ચાત્ય તેમજ ભારતીય આલોચના પરંપરાની ઉમદા સરખામણી દર્શાવવામાં આવેલ. નલીની આર્ટસ એન્ડ કોર્મસ કોલેજ, વલ્લભ વિદ્યાનગરના વ્યાખ્યાતાશ્રી ફાલ્ગુની એમ. ભારતીય એ પોતાના પેપર Assimilation of knower and known kimachit vistar tara sadhana and the novel tatvamasi ના માધ્યમથી જણાવેલ હતુ કે પાશ્ચાત્ય કાવ્યશાસ્ત્ર જેમ રૂપને પ્રાધાન્ય આપે છે તેની સરખામણીમા ભારતીય કાવ્યશાસ્ત્ર આત્માને મહત્ત્વ આપે છે

પ્રા.ટી.સત્યનાથ, મોર્ડન ઈન્ડીયન લેગ્વેજીસ અને લીટરેચર, દિલ્હી યુનિવર્સિટીએ ભારતીય સાહિત્ય પર પોતાનું તુલનાત્મક પેપર રજુ કરેલ. જેના ધ્વારા તેઓએ વિવિધ પ્રકારના ભારતીય સાહિત્યો અને ભાષાઓ જેમ કે બુદ્ધિસ્ટ સાહિત્ય, જૈન સાહિત્ય અને સંસ્કૃત સાહિત્યની બહુવિધ ખૂબીઓને રજુ કરેલ. ગુજરાત વિદ્યાપીઠનાં ગુજરાતી વિભાગનાં અધ્યક્ષશ્રી ડૉ.ઉષા ઉપાધ્યાયે પોતાના પેપર 'ગુજરાતી

સિમ્બોલીઝમ' દ્વારા પાશ્ચાત્ય Symbolism ને ભારતીય તેમજ ખાસ કરીને ગુજરાતી સિમ્બોલીઝમ સાથે સરખાવીને ગુજરાતી આલોચકો તેમજ લેખકો દ્વારા થયેલા પ્રતિકોના ઉપયોગોને ખૂબ સરસ રીતે આવરી લેવામાં આવેલ. જયારે જવાહરલાલ નહેરૂ યુનિવર્સિટીના અંગ્રેજી વિભાગનાં વ્યાખ્યાતા ડૉ.ધનજય સિંહ આનંદવર્ધનના ધ્વન્યાલોક તેમજ ફ્રેચ સિમ્બોલીઝમ વચ્ચેનું તુલનાત્મક પેપર રજુ કરેલ. તેમણે જણાવેલ હતું કે જે વાચક અધિકારી છે તો લેખક તેનો ઉપરી અધિકારી ગણાવી શકાય.

પરિસંવાદનાં સમાપન સમારોહનાં મુખ્ય મહેમાન શ્રી ચંદ્રકાંત ટોપીવાળાએ આલોચન પરંપરાના વિવિધ આલોચકો જેમ કે સોસ્યોર બાર્થીસ, રુકો, ભકિતન, ડેરીડા અને વિવિધ આલોચન પધ્ધતિઓ જેવી કે દલીત, નારીવાદ, ડાયાસ્પોરકવીઅર થીયરી, મોર્ડનાઈઝેશન પોસ્ટ અને જીનેટીક આલોચનનો એક સંક્ષિપ્ત પરિચય આપવામાં આવેલ.

સમાપન વેળાએ બોલતા યુનિવર્સિટીનાં કુલપતિશ્રી ડૉ. અવધેશકુમાર સિંહ ભારતીય યુવા પેઢી ને ભૂતકાળમાં રસ દાખવી 11મી, 12મી, 13મી તેમજ 14મી સદીના સાહિત્યના નવા પરિણામો શોધવા અનુરોધ કરેલ અને અંતમાં તેઓએ જણાવેલ કે ભારતના પોતાનાં સાહિત્યમાં સાયુજય અને સમન્વયની જરૂર છે.

## TEACHING ENGLISH at UG & P.G. Level

ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી તથા ડીપાર્ટમેન્ટ ઓફ ઇંગ્લિશ એન્ડ સી.એલ.એસ. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી રાજકોટના સંયુકત ઉપક્રમે તા. 21 અને 25 માર્ચ 2008 ના રોજ રાજય કક્ષાનો **TEACHING ENGLISH at UG & P.G. Level** વિષય પર બે દિવસીય પરિસંવાદના આયોજન કરવામાં આવેલ. આ પરિસંવાદના ઉદ્‌ઘાટન પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે શ્રીકમલેશભાઈ જોષીપુરા, (સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિશ્રી) પ્રો.અવધેશકુમાર સિંહ ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના કુલપતિશ્રી અતિથિ વિશેષ તરીકે ડૉ. કમલભાઈ મહેતા અધ્યક્ષ, ડિપાર્ટમેન્ટ ઓફ ઇંગ્લિશ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સહિત રાજયના અને ઇંગ્લિશ વિષયના પ્રાધ્યાપકો હાજર રહયા હતા.

કાર્યક્રમના સ્વાગત પ્રવચનમાં ડૉ.કમલભાઈ મહેતાએ રાજયમાં અંગ્રેજી ભાષા શિક્ષણના અનેકવિધ પાસાંઓ સાથે સંલગ્ન વિવિધ પ્રશ્નોને હાજર મહાનુભાવો સમક્ષ ચર્ચા અર્થે રજૂ કરેલ. જયારે મુખ્ય મહેમાન પદેથી બોલતા ડૉ. કમલેશ જોષીપુરાએ ગુજરાત ખાતે ઉભી થઈ રહેલ અનેકવિધ વિદ્યાર્થીલક્ષી સવલતો અને તેમાં અંગ્રેજી ભાષાનાં શિક્ષણ વિશેની સુવિધાઓ વિશે અને તેમના સુયોગ્ય ઉપયોગ માટે આવનાર પેઢીને જાગૃતતા આપેલી. પરિસંવાદના મુખ્ય વકતા તરીકે ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના કુલપતિશ્રી પ્રો.અવધેશકુમાર સિંહ અંગ્રેજી ભાષા સાહિત્યના શિક્ષણના અનેકવિધ પાસાંઓ પર પ્રકાશ પાડવાની સાથે ભૂતકાળના ઉદાહરણીય એવા પ્રાધ્યાપકોને યાદ કરી શિક્ષણને વધુમાં વધુ વિદ્યાર્થીલક્ષી બનાવવા માટેના પ્રયાસો પર ભાર મૂકેલ.

પરિસંવાદમાં પોતાનું યોગદાન આપવા પધારેલ પ્રાધ્યાપકો અંગ્રેજી ભાષા તેમજ તેના વિવિધલક્ષી શિક્ષણ જેમ કે પાઠયપુસ્તકોથી માંડી અધ્યતન ટેકનોલોજી સુધીના વિષયો પર પોતાના પેપરો રજૂ કરેલ હતા.

કાર્યક્રમના સમાપન પ્રસંગે ડૉ.એન.આઈ.છાયા પ્રાધ્યાપક (પી.ડી.એમ. કૉલેજે) પોતાના અનુભવના નિચોડ સમાન ઇંગ્લિશ ટીચીગ પર પોતાનું કાવ્ય રજૂ કરેલ કાર્યક્રમની આભારવિધિ પ્રા. આર.વી.ઝાલા, ડિપાર્ટમેન્ટ ઓફ ઇંગ્લિશ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ દ્વારા કરવામાં આવી હતી.

## એડવાન્સ એજ્યુકેશનલ રીસર્ચ...

ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના કુલપતિશ્રી પ્રો.અવધેશકુમાર સિંહ દ્વારા બોર્ડ ઓફ મેનેજમેન્ટના સભ્યશ્રી તથા પ્રોફેસર એન્ડ હેડ, શિક્ષણશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિવર્સિટીનાં ડૉ.આર.એસ.પટેલના માર્ગદર્શન હેઠળ Ph.D.ના વિદ્યાર્થીઓને લાભાન્વિત કરાવાના હેતુથી "એડવાન્સ એજ્યુકેશનલ રીસર્ચ" વિષય પર ત્રિદિવસીય કાર્યશાળાનું આયોજન તા.૨૩/૦૩/૨૦૦૮ થી તા.૨૫/૩/૨૦૦૮ દરમ્યાન શિક્ષણશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિવર્સિટી ખાતે કરવામા આવેલ.




*ડાબેથી ડૉ.આર.એસ.પટેલ(બોર્ડ મેમ્બર), ડૉ.આર.ડી.મૂળીયા, ડૉ.પરીમલભાઈ ત્રિવેદી, ડૉ.લોકેશ વર્મા, ડૉ.બળદેવભાઈ પટેલ*

કાર્યશાળાના ઉદ્‌ઘાટન પ્રસંગે અતિથિ વિશેષ ડૉ. લોકેશ વર્મા, ડીન, ડીપાર્ટમેન્ટ ઓફ ઍજયુકેશન, જમ્મુ યુનિવર્સિટી હાજર રહેલ. કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને ડૉ.પરિમલ ત્રિવેદી કુલપતિશ્રી, ગુજરાત યુનિવર્સિટી ઉપરાંત ડૉ.બળદેવભાઈ પટેલ, ડૉ.આર.ડી.મુળિયા વગેરે મહાનુભાવો પણ ઉપસ્થિત રહેલ.આ કાર્યશાળા દરમિયાન નીચે જણાવ્યા મુજબના વિષયો ઉપર જે તે વિષયના તજજ્ઞશ્રીઓના અધ્યક્ષ સ્થાનેથી તા.23-03-2008 ના રોજ I[st] Session માં વોટ ઈઝ રીસર્ચ? વિષય પર Dr. Lokesh Verma, II[nd] Session માં રિસર્ચ પ્રપોઝલ અને ફ્રેમ વર્ક પર Dr. D.A. Uchat, સંબંધિત સાહિત્ય ની સમીક્ષા કેવી રીતે કરવી? III[rd] Sessionમાં Dr. Chandrakant Bhogayata, IV[th] Sessionમાં સંબંધિત સાહિત્ય ની સમીક્ષાના આધારો અને તેમાં થતી સંભવિત ભૂલો પર Dr. J.A.Pancholi એ પોતાના મંતવ્યો રજૂ કરેલ છે.

તા.24-03-2008 ના રોજ V[th] Session માં નિદર્શની પસંદગી અને તેના ધોરણો વિષય પર Dr. Mohanbhai Patel, VI[Th] Session માં સંશોધન પધ્ધતિની પસંદગી અને તેના ધોરણો પર Dr. M.L. Joshi, VII[Th] Session સંશોધન યોજનાઃ એક સમીક્ષા VIII[th] Session મા માહિતી વિશ્લેષણ અને આંકડાશાસ્ત્રીય પધ્ધતિઓ Dr. R.S.Patel એ પોતાના મંતવ્યો રજૂ કરેલ છે.



*તજ્જ્ઞશ્રીઓ અને વિદ્યાર્થીઓ*

તા.25-03-2008 ના રોજ IX[th] Session માં માહિતી વિશ્લેષણમાં કમ્પ્યુટર પ્રોગ્રામનો વિનિયોગ વિષય પર Dr.N.S. Rathod, X[th] Session માં સંશોધન સંબંધી પ્રર્વતમાન સમસ્યાઓ પર Dr. J.P.Maiyani, Xi[th] Session મા સંશોધન અહેવાલ લેખન અને તેની સમીક્ષા પર Dr.H.O.Joshi એ પોતાના મંતવ્યો રજૂકરેલ, વિસ્તૃત સમજૂતી આપવામાંઆવી અને વિવેચકોનાં પ્રશ્નોના તલસ્પર્શી ઉત્તરો પણ આપવામાંઆવેલ.

કાર્યક્રમનો સમાપન સમારોહ યુનિવર્સિટીના કુલપતિશ્રી પ્રો.અવધેશકુમાર સિંહના અધ્યક્ષ સ્થાને યોજાયેલ. ગુજરાત યુનિવર્સિટીના ઉપકુલપતિશ્રી ડૉ.એન.કે.પટેલ તથા અન્ય આમંત્રિતોની હાજરીમાં વિદ્યાર્થીઓનો કાર્યશાળા વિશેનો હકારાત્મક પ્રતિભાવ મળ્યો. આ સમગ્ર કાર્યશાળા આયોજન અને સંચાલનનુંકાર્ય Ph.D. શાખાનાં કો-ઓર્ડિનેટર ડૉ. ડી. એમ. બકરાણીયાએ કરેલ

## DISTANCE EDUECATION : THE ROLE OF STUDY CENTER...

પ્રાદેશિક કેન્દ્ર-રાજકોટ દ્વારા અંગ્રેજી ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં તા.27-03-2008 ના રોજ સૌરાષ્ટ્ર-કચ્છ વિસ્તારનાં અભ્યાસકેન્દ્રોના કો-ઓર્ડિનેટરશ્રીઓ અને પ્રોગ્રામ ઈન્ચાર્જશ્રીઓની ઉપસ્થિતીમાં "દૂરવર્તી શિક્ષણમાં અભ્યાસકેન્દ્રોની ભૂમિકા" વિષય પર એક દિવસીય સેમીનાર યોજવામાં આવેલ. જેમાં માન.ડૉ.પી.કે.મહેતા, ડૉ. આર.ડી.મૂલીયા, ડૉ.આર.એસ.પટેલ, ડૉ.કમલભાઇ મહેતા, ડૉ.રાજ ગોપાલન, ડૉ.ભરતભાઇ રામાનુજ, ડૉ.ધરમભાઈ કાંબલીયા, ડૉ.ઊર્વિબેન ત્રિવેદી, શ્રી રાજુભાઈ વન અને સેમીનાર કો-ઓર્ડિનેટરશ્રી હરદિપસિંહ ગોહિલ ઉપસ્થિત રહેલ.

કાર્યક્રમમાં સ્વાગત પ્રવચન ડૉ.ઊર્વિબેન ત્રિવેદી અને અધ્યક્ષ ઉદ્‌બોધન ડૉ.પી.કે.મહેતા અને અતિથિ વિશેષ ઉદ્‌બોધન ડૉ.આર.ડી.મૂલીયા અને ડૉ.આર.એસ.પટેલ દ્વારા દૂરવર્તી શિક્ષણમાં અભ્યાસકેન્દ્રોની ભૂમિકા શુ હોઈ શકે તે વિશે વિગતે માહિતી-માર્ગદર્શન પૂરૂ પાડેલ. અભ્યાસકેન્દ્રનાં કો-ઓર્ડિનેટરો દ્વારા આશરે ૨૧ જેટલા પેપર પ્રેઝન્ટેશન કરવામાં આવેલ. સેમીનારના કો-ઓર્ડિનેટર હરદિપસિંહ ગોહિલ દ્વારા અભ્યાસકેન્દ્રોના પ્રશ્નો બાબતે ચર્ચા કરવામાં આવેલ. કાર્યક્રમમાં પધારેલ મહાનુભાવો અને આંમત્રિતોનો શ્રીરાજુભાઈ વન ઈ/ચા. આસી.ડાયરેકટર પ્રાદેશિક કેન્દ્ર દ્વારા સહૃદય આભાર માનવામાં આવ્યો હતો.

## મહિલા વિષયક અધિકારો ...

ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી અને અખિલ હિંદ મહિલા પરિષદના સંયુકત ઉપક્રમે રાજકોટ ખાતે તા.27-03-2008 અને તા.28-03-2008ના રોજ મહિલા વિષયક અધિકારો પર બે દિવસીય સેમિનાર યોજવામાં આવેલ. જેમા ગુજરાત-સૌરાષ્ટ્ર વિસ્તારના જુદા જુદા કુટુંબ સલાહ કેન્દ્રો, વડીલો અને મહિલાઓ ક્ષેત્રે કામ કરતી વિવિધ સંસ્થાઓનાં પ્રતિનિધિઓ, કાયદા અને સમાજકાર્ય ક્ષેત્રના વિદ્યાર્થીઓ અને ૧૧૫ જેટલા આંમત્રિતો ઉપસ્થિત રહયાં હતા. સેમિનારમાં મહિલા વિષયક અધિકારો અને



M.S.W*ના વિદ્યાર્થીઓ*

સશકિતકરણ મુદ્દાઓ અન્વયે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનાં કુલપતિશ્રી ડૉ. કમલેશ જોષીપુરા , વિષ્ણુભાઈ પંડયા, ન્યાયાલયના જજશ્રીઓ અને અગ્રણી ધારાશાસ્ત્રી અભયભાઈ ભારદ્વાજ, કાયદા ભવનનાં અધ્યક્ષ ડૉ. એન. કે. ઈન્દ્રાયાપન, સમાજકાર્ય વિભાગના અધ્યક્ષ ડૉ.રમેશ વાઘાણી, મનહર જાડેજા, નરેશભાઈ શુકલ અને અખિલ હિંદ મહિલા પરિષદનાં મંત્રી શ્રીમતી ભાવનાબેન જોષીપુરા દ્વારા સેમિનાર સંદર્ભે બિઝનેશ સેશન અન્વયે પેપર પ્રેઝન્ટેશન કરી માહિતી માર્ગદર્શન પૂરું પાડવામાં આવેલ અને વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરવામા આવી. આમંત્રિતો દ્વારા જુદા જુદા મુદ્દાઓ પર આશરે સોળ જેટલા પેપર પ્રેઝન્ટેશન પણ કરવામાં આવેલ. અખિલ હિંદ પરિષદના મંત્રી શ્રીમતી ભાવનાબેન જોષીપુરા અને ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના કો-ઓર્ડિનેટર શ્રી રાજુભાઈ વન દ્વારા સમગ્ર સેમિનારની વ્યવસ્થાનું આયોજન કરવામાં આવેલ.

## વિકલાંગના પુનઃવર્સન સંદર્ભે પરિસંવાદ...

વિકલાંગનાંપુનઃવર્સનના ભગીરથ કાર્યને વેગવંત બનાવવાના ઉમદા હેતુથી રચનાત્મક અભિગમ ટ્રસ્ટ દ્વારા કરવામાં આવેલ રજૂઆતને ધ્યાનમાં લઈ ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી અને રચનાત્મક અભિગમ ટ્રસ્ટના સંયુકત ઉપક્રમે ગુજરાત કેળવણી ટ્રસ્ટ, મીરઝાપુર, અમદાવાદ. "વિકલાંગનાંપુનઃવર્સન" વિષય પરના પરિસંવાદનુંઆયોજન તા.૨૮/૦૩/૨૦૦૮ અને તા.૨૯/૦૩/૨૦૦૮ દરમ્યાન યોજાયેલ. કાર્યક્રમના ઉદ્‌ઘાટન પ્રસંગે યુનિવર્સિટીના બોર્ડ મેમ્બરશ્રી મંદાબેન પરીખ અને શ્રી શ્રધ્ધાબેન રાય, સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટીશ્રી નટુભાઈ પટેલ હાજર રહેલ. બેદિવસીય પરિસંવાદ દરમ્યાન જુદા જુદા વિષય પર પુનઃવંસન અંગેનું માર્ગદર્શન




ડાબેથી શ્રી પરાગભાઈ નાઈક (બી.ઓ.એમ), શ્રી નટુભાઈ પટેલ, ડૉ.ઉર્મિલાબેન પટેલ, ડૉ. શ્રધ્ધાબેન રાય (બી.ઓ.એમ) અને ડૉ.ડી.એમ.બકરાણીયા



એમ.એસ.ડબલ્યુના વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપતા મા.કુલપતિશ્રી પ્રો.અવધેશકુમાર સિંહ

આપવામાં આવેલ. સમાપન સત્રમાં યુનિવર્સિટીના બોર્ડ ઓફ મેનેજમેન્ટનાં સભ્યશ્રી શ્રીપરાગભાઈ નાયકની હાજરી નોંધનીય રહેલ. કુલ ૪૦ પ્રવાસી શિક્ષકોના પરિસંવાદના સંકલનનુંકાર્ય ડૉ.ડી.એમ.બકરાણીયાએ કો–ઓર્ડિનેટર વિશિષ્ટ શિક્ષણ વિભાગ દ્વારા કરવામાં આવેલ.

## દૂરવર્તી શિક્ષણમાં કાઉન્સેલરોની ભૂમિકા (વોકેશનલ અને પ્રોફેશનલ અભ્યાસક્રમો)

વોકેશનલ એન્ડ પ્રોફેશનલ અભ્યાસક્રમો અંતર્ગત તા.29-03-2008 ના રોજ એનેક્ષી સરકીટ હાઉસ ખાતે આ અભ્યાસક્રમોના યુનિવર્સિટી માન્ય સેન્ટરોના તમામ કાઉન્સેલરો માટે કાઉન્સેલીંગ સંદર્ભે એક દિવસીય વર્કશોપનું આયોજન કરવામાં આવેલ, જેમાં આ અભ્યાસક્રમોના કાઉન્સેલરોએ ભાગ લીધેલ કાર્યક્રમના પ્રાસંગિક પ્રવચનમાં મા.કુલપતિશ્રી પ્રો.અવધેશકુમાર સિંહે સૌ કાઉન્સેલરોનું સ્વાગત કરેલ. દૂરવર્તી શિક્ષણમાં કાઉન્સેલરોની ભૂમિકા વિશે માહિતી પૂરી પાડેલ અને કાર્યક્રમને આગળ ધપાવવા શ્રી. આર.એસ.પટેલ (બોર્ડ ઓફ મેનેજમેન્ટ સભ્ય) એ કેન્દ્ર અને વિદ્યાર્થી વચ્ચેના સંબંધ અને તેમાં કાઉન્સેલરોની ભૂમિકા વિશે વિગતે છણાવટ કરેલ. ત્યારબાદ ડૉ.અવનીબેન ત્રિવેદીએ દૂરવર્તી શિક્ષણમાં એસાઈનમેન્ટના મહત્ત્વ પર પ્રકાશ પાડેલ અને તે વિશે કાઉન્સેલરોની ભૂમિકા સ્પષ્ટ કરેલ અને તે સંદર્ભે ટીમ વર્ક કરાવેલ. કાર્યક્રમના અંતમાં શ્રી સોરભ દેશપાંડે (YCMOU, IHTM હેડ ઓફિસ) એ વર્ષ દરમ્યાનના આયોજનથી દરેક કાઉન્સેલર્સને માહિતગાર કરેલ અને કાઉન્સેલરના વિવિધ પ્રશ્નોનું સમાધાન કરીને આ વર્કશોપનું સમાપન કરવામાં આવેલ.

## પરીક્ષાલક્ષી વિષય પરામર્શન - MSW...

*MSW-IIના વિદ્યાર્થીઓને સત્રાંત પરીક્ષાલક્ષી વિષય પરામર્શન માટે Face to Face Oneday Workshop MSW વિભાગ દ્વારા તા. 04-04-2008 ના રોજ અંધજન મંડળ-વસ્ત્રાપુર, અમદાવાદ ખાતે યોજવામાં આવેલ. જેમાં માનનીય કુલપતિશ્રી ડૉ.અવધેશકુમાર સિંહ, શ્રી પરાગભાઈ નાયક, પ્રો.અનિલ નાવલે, ડૉ.વિનુભાઈ પટેલ, શ્રી.સી.એમ.શાહ, પ્રોજેક્ટ ઓફિસર રાજુભાઈ વન અને ડૉ.ધવલભાઈ પંડયા ઉપસ્થિત રહેલ. માન.કુલપિતશ્રીએ પ્રાસંગિક ઉદ્‌બોધન કરતા જણાવ્યુ કે ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના MSW અભ્યાસક્રમના વિદ્યાર્થીઓનો અભ્યાસ ટૂંક સમયમાં પૂર્ણ થશે. જે યુનિવર્સિટીની MSW કોર્સની પ્રથમ બેચ છે. જે જુદા જુદા કાર્યક્ષેત્રમાં રોજગારી અર્થે દાખલ થશે. જેથી દરેકને શુભકામના આપી.તદ્‌ઉપરાંત MSW કોર્સના વિદ્યાર્થીઓને MSW-II ના SATODL Programmeની CD સેન્ટરો પર ઉપલબ્ધ કરાવવામાં આવશે, અને MSW ના વિદ્યાર્થીઓની એલ્યુમીની બનાવવામાં આવશે. એક દિવસીય પરીક્ષા લક્ષી વિષય પરામર્શન અન્વયે સમાજકાર્ય ક્ષેત્રના વિષય નિષ્ણાતશ્રીઓ અનુક્રમે પ્રો.અનીલ નાવલે, ડૉ.વીનુભાઈ પટેલ, શ્રીસી.એમ.શાહ, શ્રીમતી તેજલબેન અધ્વર્યુ અને MSW વિભાગના પ્રોજેક્ટ ઓફિસરશ્રી રાજુભાઈ વન દ્વારા વિદ્યાર્થીઓને પરીક્ષા લક્ષી જુદા જુદા વિષયો સંદર્ભે ચર્ચા કરી અને માર્ગદર્શન પૂરું પાડવામાં આવેલ.*

## પરિચય બેઠકનો અહેવાલ

### સ્કૂલ ઓફ એજ્યુકેશન...

** ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા તા.02/11/07 ના રોજ 10:30 કલાકે B.Ed. (જનરલ) નાં દરેક અભ્યાસકેન્દ્ર પરથી આવેલ પ્રોગ્રામ ઈન્ચાર્જશ્રીઓ અને કો-ઓર્ડિનેટરનો એક દિવસીય વર્કશોપ કાર્યક્રમ યોજાઈ ગયો.*

ફેબ્રુઆરી–2008 ની યુનિવર્સિટીના તમામ સર્ટીફિકેટ અભ્યાસક્રમોની પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ થયેલ છે. જેની બીજી યાદી પણ તમામ કેન્દ્રોને મોકલી આપવામાં આવેલ છે. ફેબ્રુઆરી–2008 ના શૈક્ષણિક સત્રમાં કુલ:15224 વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવેલ છે જેની દરેક વિદ્યાર્થીઓને તેમના ઘરે પત્ર તેમજ SMS દ્વારા જાણ કરવામાં આવી છે જે કેન્દ્રો પર વિદ્યાર્થીઓની સંખ્યા ઓછી હતી અથવા નહોતી તે કેન્દ્રોને આ સત્ર માટે સુષુપ્ત રાખવામાં આવેલ છે.

VOCATIONAL AND PROFESSIONAL અભ્યાસક્રમના વિદ્યાર્થીઓની પ્રવેશ પ્રક્રિયા પુર્ણ થયેલ છે આ અભ્યાસક્રમો ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી તેમજ ઈન્સ્ટિટ્યુટ ઓફ હોટલ એન્ડ ટુરિઝમ મેનેજમેન્ટ પૂનેના સંયુકત ઉપક્રમે રાજયના વિવિધ નિયત અભ્યાસ કેન્દ્રો પર ચાલી રહેલ છે.

દરેક કેન્દ્રને એક અનુરોધ છે કે ઓગષ્ટ–2008 ની નવી પ્રવેશ પુસ્તિકા બનાવવાની કાર્યવાહી હાથ ધરવાની હોય આપના કેન્દ્રને લગતી કોઈપણ માહિતી કે જે સુધારવાની અથવા તો નવી ઉમેરવાની થતી હોય તે એક અરજી સાથે પ્રવેશ વિભાગને તા.25-05-2008 પહેલા મોકલી આપશો જેથી પ્રવેશ માટેની યોગ્ય માહિતી વિદ્યાર્થીઓને પ્રાપ્ય થાય.

## GSQAC

ગુજરાત સ્ટેટ ક્વોલીટી એસ્યોરન્સ સેલ (GSQAC) ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા એકેડેમિક સ્ટાફ કૉલેજ, ગુજરાત યુનિવર્સિટીના સંયુકત ઉપક્રમે એક દિવસીય કાર્યશાળાનું આયોજન તા.17-01-2008 ના રોજ ગુજરાત યુનિવર્સિટી અમદાવાદ ખાતે થયુ હતુ. આ કાર્યશાળાનો ઉદેશ ગુજરાત રાજયની યુનિવર્સિટીઓ અને તેની સાથે સંલગ્ન કૉલેજોને NAAC એક્રેડેશન અને એસસમેન્ટ સંદર્ભે માર્ગદર્શન પૂરું પાડવાનો હતો. આ કાર્યશાળામાં લગભગ 150 થી વધારે જુદીજુદી કૉલેજોનાં પ્રિન્સિપાલશ્રીઓ અને યુનિવર્સિટીના GSQACનાં કો–ઓર્ડિનેટરશ્રીઓએ ભાગ લીધેલ હતો. ઉદ્દઘાટન સત્રમાં ડૉ.પરિમલ ત્રિવેદી કુલપતિશ્રી, ગુજરાત યુનિવર્સિટી, પ્રો.અવધેશકુમાર સિંહ કુલપતિશ્રી, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, ડૉ.પ્રસાદ બ્રહ્મભટ્ટ ડાયરેકટર, એકેડેમિક સ્ટાફ કૉલેજ ઉપસ્થિત રહી પ્રસંગોચિત ઉદબોધન કર્યુ હતુ. NAAC ના એક્રેડેશન માટે જરૂરી એવા અનેક પાસાંઓ પર ડૉ.સૌરભ ચોકસી, ફાધર ફ્રાન્સિસ પરમાર, ડૉ.ગવ્મેશ ત્રિપાઠી, અને પ્રો.પંકજ હિરાધરે મુખ્ય વકતવ્યો આપ્યા હતા.

## અભ્યાસકેન્દ્રો તરફ...

*અભ્યાસકેન્દ્ર સંચાલન વિભાગ દ્વારા નવા અભ્યાસ/પ્રોગ્રામકેન્દ્રો શરૂ કરવા અંગે વર્તમાન પત્રમાં જાહેરાત આપવામાં આવી હતી એ સંદર્ભે કુલ 171 અરજી આવેલ હતી આમાંથી યુનિવર્સિટી દ્વારા રચિત સ્કુટીની કમિટીએ 63 અરજી નામંજૂર કરેલ છે. બાકીની 109 કેન્દ્રોમાં LIC ની પ્રક્રિયા ચાલુ કરેલ છે જે પૂર્ણ થયા બાદ જુલાઈ-08 ના સત્રથી આ તમામ કેન્દ્રોનો સમાવેશ કરી લેવામાં આવશે. જુલાઈ -૦૮ના સત્ર માટે સમય મર્યાદામાં નવા અભ્યાસ કેન્દ્રોની અરજીઓ મંગાવવા માટે જાહેરાત તા.12-04-08ના સમાચાર પત્રમાં આપવામાં આવેલ છે.તેમાં જેની અરજી મળેલ છે તેની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.*

## રીસોર્સ સેન્ટર શરૂ કરવા બાબત...

*યુનિવર્સિટી દ્વારા વહીવટી સમસ્યાઓ તેમજ સંકલનને લગતી સમસ્યાઓ દૂર કરવા અર્થે દરેક જીલ્લાના મુખ્ય મથકે યુનિવર્સિટી દ્વારા રીસોર્સ સેન્ટર શરૂ કરવામાં આવશે. આ રીસોર્સ સેન્ટરની અલગથી મહેકમ આપવામાં આવશે. રીસોર્સ સેન્ટર શરૂ કરવા અંગેની કમિટી યુનિવર્સિટીના APB એ નક્કી કરેલ છે જે કમિટી તેના મહેકમ તેમજ સ્ટાફ અંગેની જોગવાઈ કરશે. આ રીસોર્સ સેન્ટર એ યુનિવર્સિટીના તેમના જીલ્લામાં આવેલ કેન્દ્રોનું પ્રવેશ અને પરીક્ષાનું સંકલન કરશે. આ રીસોર્સ કેન્દ્રને અલગથી ઈલેક્ટ્રોનીક ઈક્વીપમેન્ટ (વીડિયો કોન્ફ્રન્સીસ) જેવા અદ્યતન સાધનોથી સુસજ્જ કરવામાં આવશે. આ અંગેની વિગતવાર માહિતી કામગીરી પૂર્ણ થયા બાદ દરેક સેન્ટરને આપવામાં આવશે.*

## લાયબ્રેરી વિભાગ...

*ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની લાયબ્રેરીનો ઉપયોગ રેફરન્સ લાયબ્રેરી તરીકે કરવામાં આવે છે. મુખ્ય મથકની લાયબ્રેરીથી સ્ટડી સેન્ટર/પ્રોગ્રામ સેન્ટર પર લાયબ્રેરી સેવા ઉપલબ્ધ કરાવવામાં આવે છે.*

*લાયબ્રેરી વિભાગ દ્વારા SC/PC પર લાયબ્રેરી સેવા ઉપલબ્ધ કરાવવાની કાર્યવાહી ચાલુ છે. અગાઉ 36 સેન્ટરને લાયબ્રેરી સેવા ઉપલબ્ધ કરાવેલ છે. અગાઉના અંકમાં જણાવ્યા મુજબ તમામ કેન્દ્રોને જણાવવાનું કે જો આપ આપના કેન્દ્ર પર ગ્રંથાલય વ્યવસ્થા ઉપલબ્ધ કરાવવા માંગતા હોય તો એક પત્ર લખી ગ્રંથપાલશ્રીને જાણ કરશો. આપના કેન્દ્રના વિષય પ્રમાણે છેલ્લા બે વર્ષના વિદ્યાર્થીની સંખ્યા તથા આપને યુનિવર્સિટી તરફથી શું ફર્નીચર પૂરું પાડવામાં આવેલ છે. તેની વિગત પણ પત્રમાં જણાવશો જેની જાણ 20/05/08 સુધીમાં કરવાની રહેશે. સમયમર્યાદામાં આવેલ અરજીઓ અને વિદ્યાર્થીની સંખ્યાને ધ્યાને રાખીને લાયબ્રેરીની સેવા ઉપલબ્ધ કરવામાં આવશે.*

*યુનિવર્સિટી દ્વારા આયોજીત સેટોડીયલ પ્રોગ્રામની C.D.ની મલ્ટીકોપી કરીને જે તે સેન્ટર પર મોકલાવવા માટેનું આયોજન લાયબ્રેરી વિભાગ દ્વારા કરવામાં આવેલ છે. જેની કાર્યવાહી પૂર્ણ થયેથી મોકલી આપવામાં આવશે.*

## વિદ્યાર્થી સહાય સેવા વિભાગ...

*ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા દરેક વિદ્યાર્થીને તથા કેન્દ્ર સંયોજકશ્રીઓને યુનિવર્સિટી અંગેની તમામમાહિતી કેન્દ્રસ્થ પદ્ધતિએ મળી રહે તે હેતુથી વિદ્યાર્થી સહાય સેવા (SSS) કેન્દ્ર 1 ડિસેમ્બર-2007 થી શરૂ કરવામાં આવેલ છે. "વિદ્યાર્થી સહાય સેવા" કેન્દ્રના ઉદ્દઘાટન સમયે મા. કુલપતિશ્રીએ વિદ્યાર્થી, સંયોજકશ્રીને તથા દરેક લોકોને યુનિવર્સિટીની તમામમાહિતી કેન્દ્રસ્થ પદ્ધતિથી મળશે. જેથી*

વિદ્યાર્થીઓ તથા યુનિવર્સિટીના કેન્દ્રોના સંયોજક/પ્રોગ્રામ ઈન્ચાર્જશ્રીઓને યુનિવર્સિટીના તમામ વિભાગમાં જવાની માહિતી મેળવવાની જરૂર નહી રહે અને તમામ વિગતો SSS માંથી મળી રહેશે.

યુનિવર્સિટીના તમામ વિભાગોની માહિતીની વિગત કમ્પ્યુટરાઈઝ કરવામાં આવેલ છે તેથી તમામમાહિતી SSS પરથી મળશે. વિદ્યાર્થીઓ/સંયોજકશ્રીઓ SSS ખાતે ફોન, ફેકસ અને ઈ-મેઈલથી માહિતી મેળવી શકશે.

"વિદ્યાર્થી સહાય સેવા" કેન્દ્રમાં નીચે મુજબની કામગીરી કરશે.

* યુનિવર્સિટી પર આવતા તમામ પત્રો/અરજી સ્વીકારશે અને જે તે વિભાગમાં રીમાર્કસ સાથે મોકલી આપશે. તેમજ તે અન્વયે થતી કામગીરીની નોંધ લેશે.
* કેન્દ્ર પર આવેલ વિદ્યાર્થીની રૂબરૂમાં અરજી સ્વીકારશે. તેના પર રીમાર્કસ કરીને જે તે વિભાગ પાસેથી માહિતી મેળવશે અને વિદ્યાર્થીને આપશે.
* કેન્દ્ર પર ફોન, ફેકસ અને ઈ-મેઈલથી યુનિવર્સિટીને લગતી માંગવામાં આવેલી માહિતી આપશે.
* યુનિવર્સિટીના જે તે વિભાગને આપવામાં આવેલ પત્રો/અરજીઓ અંગે થયેલ કામગીરીનો રીપોર્ટ રાખશે. જે તે વિભાગે કામગીરી નહી કરી હોય તેને સ્મૃતિપત્ર પાઠવશે છતાં કામગીરી ન થઈ હોય તો તે વિભાગના વડાનો સંપર્ક કરી યુનિવર્સિટી સંકલનની બેઠકમાં મૂકવામાં આવશે.
* યુનિવર્સિટીના તમામ અભ્યાસક્રમો તથા કેન્દ્રોની માહિતીSSS કેન્દ્ર પરથી આપવામાં આવશે.
* કેરિયર કાઉન્સેલિંગ વિભાગ દ્વારા અભ્યાસક્રમો અંગે માહિતી આપવામાં આવશે.

આમ, વિદ્યાર્થી સહાય સેવા કેન્દ્રએ માહિતી મેળવવા માટે ખૂબ જ મહત્ત્વની ભૂમિકા ભજવશે. તમામ વિદ્યાર્થીઓને/સંયોજકશ્રીઓને ખાસ જણાવવાનું કે આપની કક્ષાએથી જે પત્ર વ્યવહાર કરવામાં આવે તે તમામ "વિદ્યાર્થી સહાય સેવા"ને સંબોધીને કરવા વિનંતી જેથી આપે મોકલેલ પત્રોની નોંધSSS માં રહે અને SSS કેન્દ્ર આગળની કાર્યવાહી કરી શકે તથા કેન્દ્રના સંયોજકશ્રીઓ યુનિવર્સિટી પર આવે ત્યારે સીધા જ SSS કેંન્દ્રનો સંપર્ક કરે. તેમને ત્યાંથી જ માહિતી મળશે. જરૂર જણાશે તો જે તે વિભાગનો સંપર્ક કરવા જણાવશે.

વિદ્યાર્થી સહાય સેવા કેન્દ્ર પર માહિતી આપવા સુવિધા ગોઠવેલ છે જેનો લાભ લેવા તમામ વિદ્યાર્થીઓ અને સંયોજકશ્રીઓને જણાવવામાં આવે છે.

| | |
|---|---|
| ફોન નંબર : | 1800 233 1020,<br>079 -65252530,<br>9909823337 |
| ફેકસ : | 079- 27663750 |
| ઈ-મેઈલ : | sss.baou@yahoo.com |

## મટીરીયલ વિભાગ...

યુનિવર્સિટીનો મટીરીયલ વિભાગ વિદ્યાર્થીઓને જરૂરી અભ્યાસસામગ્રી સમયસર પૂરી પાડવા અંગેની કામગીરી કરે છે. જેમાં નીચે મુજબના હેતુઓને ધ્યાનમાં રાખી કામગીરી હાથ ધરવામાં આવે છે.

(1) યુનિવર્સિટીના જુદા જુદા અભ્યાસક્રમોમાં આવરી લેવાયેલ પાઠયક્રમો અંગેના પુસ્તકોનું પ્રિન્ટીંગ અને રી-પ્રિન્ટીંગ કરાવવું.

(2) દરેક સત્ર મુજબ વિદ્યાર્થીઓની સંખ્યાને ધ્યાનમાં લઈ જે તે અભ્યાસક્રમના પુસ્તકો સમયસર છપાવવા અંગેની કામગીરી કરવી.

(3) તમામ અભ્યાસક્રમોના પુસ્તકો છપાઈને આવ્યા બાદ ગોડાઉન પરથી સંબંધિત અભ્યાસકેન્દ્ર/પ્રોગ્રામકેન્દ્ર પર મોકલી આપવા અંગેની કામગીરી કરવી જેથી વિદ્યાર્થીઓને સમયસર પુસ્તકો મળી શકે.

(4) જુદા જુદા અભ્યાસક્રમોમાં અભ્યાસસામગ્રીમાં જરૂરી પુસ્તકો જરૂરિયાત મુજબ ખરીદવા તથા ગોડાઉન દ્વારા સંબંધિતોને મોકલી આપવા.

યુનિવર્સિટી દ્વારા વર્ષ-2007 માં નવા જાહેર કરેલ અભ્યાસક્રમો જેવાં કે...

(1) ડિપ્લોમાં ઈન વેલ્યુ એડેડ ટેકસ ઈન ગુજરાત (DVATG)

(2) સર્ટીફીકેટ ઈન ડૉ. બાબાસાહેબ આંબેડકર લાઈફ એન્ડ થોટ (CALT)

(3) સર્ટીફીકેટ ઈન કમ્પ્યુટર કન્સેપ્ટ-પ્લસ (CCC+)

(4) B.A. સંસ્કૃત (EST)

અભ્યાસક્રમ અંગેની સંપૂર્ણ અભ્યાસ સામગ્રી તૈયાર કરીને સંબંધિત અભ્યાસકેન્દ્ર/પ્રોગ્રામકેન્દ્ર પર પહોંચાડવામાં આવેલ છે. વિદ્યાર્થીઓએ આ સામગ્રી પોતાના સંબંધિત અભ્યાસકેન્દ્ર/પ્રોગ્રામકેન્દ્ર પરથી મેળવી લેવાની રહેશે.

### કેન્દ્રો/વિદ્યાર્થી જોગ

યુનિવર્સિટી દ્વારા ગુજરાતી અને સમાજશાસ્ત્ર વિષયમાં અનુસ્નાતક પદવી માટે અભ્યાસક્રમ ચલાવવામાં આવે છે. જેમાં યુનિવર્સિટી દ્વારા આપવામાં આવતા મટીરીયલ નીચે મુજબના પુસ્તકો અભ્યાસક્રમમાં ઉપયોગમાં લેવામાં આવે છે.

### MGT ગુજરાતી

**MGT ભાગ-1**

**પેપર-1**

1 ગુજરાતી નવલકથા વિશ્વ 2 સરસ્વતીચંદ્ર ભાગ-1
3 પાટણની પ્રભુતા 4 માનવીની ભવાઈ

**પેપર-2**

1 સુદામા ચરિત્ર 2 અખેગીતા
3 પૂર્વાલાપ 4 ધ્વનિ 5 સપ્તપદી

**પેપર-3**

1 ગુજરાતી ભાષાનું ધ્વનિતંત્ર અને રૂપતંત્ર
2 ગુજરાતી ભાષાનું વ્યાકરણ

પેપર-૪
1 ભાષાસજ્જતા લેખન કૌશલ
2 માધ્યમ મિમાંસા
**MGT** ભાગ-**2**
પેપર-**5**
1 હિન્દ સ્વરાજ 2 દ.આફ્રિકાના સત્યાગ્રહનો ઈતિહાસ
3 સત્યના પ્રયોગો 4 ગાંધીજીનું સાહિત્ય
પેપર-**6**
1 સાહિત્યના ઘટકતત્ત્વો 2 ભારતીય કાવ્ય સિદ્ધાંત
3 ભારતીય અને પાશ્ચાત મિમાંસા
પેપર-**7**
1 મારી હકીકત 2 રાઈનો પર્વત
3 સૌરાષ્ટ્રની રસધાર ભાગ-૧
4 કાવ્યની શક્તિ 5 જનાન્તિક
પેપર-**8**
1 અનુવાદ કલા
**M.A.** સમાજશાસ્ત્ર
પેપર-5
1 "વીસમી સદીના ડાબેરી ચિંતકો" સમાજશાસ્ત્રીય સિદ્ધાંતો ભાગ-2

નો સમાવેશ કરવામાં આવેલ છે જેની તમામ સંબંધકર્તા કેન્દ્રો તથા વિદ્યાર્થીઓએ નોંધ લેવા વિનંતી.

## MSW વિભાગ...

ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા 'ભારતીય શિક્ષણની પરંપરા અને પરિવર્તન' અંતર્ગત અમદાવાદ ખાતે યોજવામાં આવેલ વ્યાખ્યાનમાળામાં પરમ પૂજયશ્રી મોરારીબાપુના સાનિધ્યમાં MSW અભ્યાસક્રમનાં પાર્ટ–IIના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો તેમજ MSW-II અભ્યાસક્રમની "અભ્યાસસામગ્રી વિતરણ કાર્યક્રમ અને પરામર્શન વર્ગ"નું આયોજન તા.22-12-2007 ના રોજ એચ.કે. આર્ટસ કૉલેજ અમદાવાદ ખાતે કરવામાં આવેલ.

MSW-II ના અભ્યાસક્રમનાં ભાગરૂપ "સંશોધન કાર્ય " વિષય અનુસંધાને વિષય નિષ્ણાત ડૉ.ચંદ્રકાંતભાઈ ઉપાધ્યાય, નિયામકશ્રી આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ અને ડૉ. વૈશાલી શાહ, મદદનીશ નિયામક અને આર્ચાયશ્રી જે.જી. કૉલેજ ઓફ એજયુકેશન, અમદાવાદ સંશોધન કાર્યની કામગીરી અંતર્ગત માહિતી–માર્ગદર્શન પૂરું પાડવામાં આવેલ અને MSW વિભાગના પ્રોજેકટ ઓફિસર શ્રી રાજુભાઈ વન દ્વારા વિદ્યાર્થીઓને MSW-IIના અભ્યાસની કામગીરી અંગે શીડયુલ/કાર્યસૂચિની વિગતવાર ચર્ચા કરવામાં આવેલ કાર્યક્રમના અંતે વિદ્યાર્થીઓને અધ્યયન સામગ્રી વિતરણ કરવામાં આવેલ.

ફેબ્રુઆરી–2008 માં તા.02-02-2008 થી દર શનિવાર–રવિવાર 4.00 to 6.10 દરમ્યાન MSW-II નાં જુદાજુદા વિષયો અનુક્રમે MSW-07, MSW-08, MSW-09, MSW-10 અને MSW-11 અંતર્ગત સમાજકાર્ય ક્ષેત્રનાં વિષય નિષ્ણાત ડૉ.ચંદ્રગુપ્ત સાનન, શ્રી સી.એમ.શાહ, ડૉ.ચંદ્રકાંતભાઈ ઉપાધ્યાય, ડૉ.અશોક પટેલ અને ડૉ.વિનુભાઈ પટેલ દ્વારા પરામર્શન પૂરું પાડવામાં આવેલ. જયારે આયોજન MSW વિભાગનાં પ્રોજેકટ ઓફીસર શ્રી રાજુભાઈ વન દ્વારા કરવામાં આવેલ.

ફેબ્રુઆરી–15 થી 31 માર્ચ-2008 સુધી MSW-II ના વિદ્યાર્થીઓને ફિલ્ડવર્ક (પ્રાયોગિક કાર્ય–II ) ની કામગીરી ફાળવવામાં આવેલ. ગુજરાત રાજયની વિવિધ સમાજકાર્ય ક્ષેત્રે કાર્યરત સસ્થાઓમાં 1 માસ (30 દિવસ) ફિલ્ડવર્કની કામગીરી અંતર્ગત વ્યવસ્થા કરવામા આવેલ.

## સ્વાધ્યાય વિભાગ...

યુનિવર્સિટીના ઓગસ્ટ-૨૦૦૭ અને ફેબ્રુઆરી-૨૦૦૮ના BDP/MA/DIPLOMA ના સ્વાધ્યાય કાર્યો દરેક સેન્ટર પર મોકલી આપવામાં આવેલ છે. વિદ્યાર્થીઓ પોતાના અભ્યાસક્રમ પાઠ્યક્રમના સ્વાધ્યાય કાર્ય સેન્ટર પરથી લઈ સ્વાધ્યાય કાર્યના દર્શાવ્યા પ્રમાણેની તારીખે સેન્ટર પર જમા કરાવવાના રહેશે.

ઓગસ્ટ-૦૭ના સ્વાધ્યાય કાર્ય જમા કરાવવાની છેલ્લી તા. ૫-૧-૦૮ તેમજ ફેબ્રુઆરી-૦૮ના સ્વાધ્યાય કાર્ય સેન્ટર પર જમા કરાવવાની તા. ૫-૦૬-૦૮ રાખવામાં આવેલ છે.

જે વિદ્યાર્થી સેન્ટર પરથી સ્વાધ્યાય કાર્ય લઈ ના શકે તેના માટે યુનિવર્સિટીની વેબસાઈટ ઉપર BDP/ MA/ DIPLOMA/ B.Ed.ના તમામ સ્વાધ્યાય મૂકવામાં આવેલ છે. તેમાંથી ડાઉનલોડ કરી મેળવી શકે છે.

સેન્ટર પરથી વિદ્યાર્થીઓના સ્વાધ્યાય કાર્યનું મૂલ્યાંકન કરાવી તેના સ્વાધ્યાય કાર્ય તેમને પરત આપવા અને તેના ગુણ ગુણપત્રકમાં ભરી ૨૫ જૂન ૨૦૦૮ પહેલા બે કોપીમાં ભરી યુનિવર્સિટીના કાર્યાલય ઉપર મોકલવા(સ્વાધ્યાય વિભાગ તરફ મોકલવાં જેથી વિદ્યાર્થીઓને પરીક્ષા પરિણામના સ્ટેટમેન્ટમાં સ્વાધ્યાય કાર્ય માકર્સ સામેલ થઈ શકે છે. નીચે મુજબ અભ્યાસક્રમોની સ્વાધ્યાય કાર્ય કોપી વિદ્યાર્થીઓના ઘરના એડ્રેસ ઉપર મોકલવામાં આવેલ છે.

MVPM/MVRE- First Sem., PGDDE, DVHW-DMCH- MSW-Part-2

ઉપરોક્ત અભ્યાસક્રમોના સ્વાધ્યાય કાર્ય વિદ્યાર્થીઓના એડ્રેસ ઉપર મોકલવામાં આવેલ છે. જે સમયસર તૈયાર કરી યુનિવર્સિટી ખાતે જમા કરાવવાના રહેશે.

તમામ અભ્યાસક્રમાં ત્રીજુ સ્વાધ્યાય કાર્ય સેન્ટર પર જમા કરાવવાનું છે તથા તેનું મૂલ્યાંકન સેન્ટર પર જ થાય છે. જેને ચેક કરવાનું મૂલ્યાંકન મહેનતાણું ત્રણ રૂપિયા યુનિવર્સિટી દ્વારા આપવામાં આવે છે. જેની જાણ યુનિવર્સિટીએ સેન્ટરને પત્ર દ્વારા જાણ કરેલ છે.

## પરામર્શક વિભાગ...

ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી તમામ સેન્ટર પરથી પરામર્શકોની માન્યતા માટે આવેલી અરજી બાયોડેટાને ચકાસીને જે પરામર્શક તરીકે લાયકાત ધરાવે છે તેમને જે-તે અભ્યાસક્રમના પરામર્શક તરીકેની માન્યતા આપવામાં આવેલ છે અને જેની જાણ કેન્દ્ર પર કરવામાં આવેલ છે.

ઓગસ્ટ-૨૦૦૭ના વિદ્યાર્થીઓ માટે તેમજ ફેબ્રુઆરી-૨૦૦૮ના વિદ્યાર્થીઓ માટે સેન્ટર પર પરામર્શનસત્રો ગોઠવવા અને તેની એક નકલ યુનિવર્સિટીના પરામર્શન વિભાગમાં મોકલી આપવી. તથા જે તે સત્રમાં વિદ્યાર્થી હાજર રહેલ હોય તેની વિગત બીલ સાથે મોકલી આપવી.

## પીએચ.ડી વિભાગ...

પીએચ.ડીના વિદ્યાર્થીઓના "પ્રોગ્રેસ રીપોર્ટ પ્રેઝન્ટેશન" અંતર્ગત કાર્યશાળાનું આયોજન ફેબ્રુઆરી અને માર્ચ મહિના દરમ્યાન કરવામાં આવ્યું. કાર્યશાળાનું વિષય વાર આયોજન અને તેમાં સેવા તજજ્ઞશ્રીઓના નામની યાદી આ મુજબ છે.

| ક્રમ | વિષય | તારીખ | વાર | તજજ્ઞશ્રીઓના નામ |
|---|---|---|---|---|
| 1. | શિક્ષણશાસ્ત્ર | 22/02/08 | શુક્રવાર | ડૉ.ડી.એ.ઉચાટ<br>ડૉ.મોહનભાઈ પટેલ |
| | | 23/02/08 | શનિવાર | ડૉ.ડી.એ.ઉચાટ<br>ડૉ.આર.એસ.પટેલ |
| 2. | સમાજશાસ્ત્ર | 23/02/08 | શનિવાર | ડૉ.મનુભાઈ મકવાણા<br>ડૉ.પી.એસ.ચુડાવત |
| 3. | શારીરિકશિક્ષણ | 23/02/08 | શનિવાર | ડૉ.જે.કે.સાવલીયા<br>ડૉ.પી.ડી.શર્મા |
| 4. | ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન | 24/02/08 | રવિવાર | ડૉ.મણીભાઈ પ્રજાપતિ |
| 5 | અંગ્રેજી | 24/02/08 | રવિવાર | ડૉ.એ.બી.રામકૃષ્ણન |
| 6. | મનોવિજ્ઞાન | 14/03/08 | શુક્રવાર | ડૉ.ભાલચન્દ્રભાઈ જોષી<br>ડૉ.એલ.એમ.યાજ્ઞીક |
| 7. | કોમ્પ્યુટર વિજ્ઞાન | 14/03/08 | શુક્રવાર | ડૉ.એન.એન.જાની |
| 8. | ગુજરાતી | 24/03/08 | સોમવાર | ડૉ.ઉષાબેન ઉપાધ્યાય<br>ડૉ.કિર્તિદાબેન શાહ |

આ કાર્યશાળામાં વિદ્યાર્થીઓએ કરેલ સંશોધન કાર્યની પ્રગતિને ચકાસવામાં આવી. વિદ્યાર્થીઓને પ્રોત્સાહન અને પ્રેરણા પૂરા પાડવા તેમના માર્ગદર્શકશ્રીઓ પણ ઉપસ્થિત રહયા હતાં.

## અભ્યાસક્રમો અંગેની પ્રોગ્રામ એડવાઈઝરી કમિટીની થયેલ બેઠકો...

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં નીચે મુજબના અભ્યાસક્રમોની પ્રોગ્રામ એડવાઈઝરી કમિટીઓની યુનિવર્સિટી મુખ્યમથકે બેઠકો મળી અને જે તે અભ્યાસક્રમો અંગે મહત્ત્વના નિર્ણયો લેવામાં આવ્યા હતા.

1. બેચલર ઓફ લાયબ્રેરી એન્ડ ઈન્ફર્મેશન સાયન્સ BLIS
2 હેલ્થનાં અભ્યાસક્રમો તમામ અભ્યાસક્રમ
3 માસ્ટર ઓફ વેલ્યુએશન MVRE/MVPM

ઉપરોક્ત અભ્યાસક્રમોની પ્રોગ્રામ એડવાઈઝરી કમિટીમાં અભ્યાસક્રમ ગુણવત્તા સભર બને તથા તેનું પરામર્શન યોગ્ય નિષ્ણાત દ્વારા થાય તેમજ તેના સ્વાધ્યાય કાર્યો તૈયાર કરાવવા અને તેનું મૂલ્યાંકન કરાવવું. આ તમામ બાબતો અંગે વિશદ ચર્ચા કરી જરૂરી નિર્ણયો બેઠકમાં લેવામાં આવેલ છે. તથા જે-તે અભ્યાસક્રમોની અભ્યાસસામગ્રી ઝડપી ઉપલબ્ધ થાય તે માટેની કામગીરી પણ જે તે વિષયના નિષ્ણાતોને સોંપવામાં આવી.

## સેમિનાર/વર્કશોપ - પ્રતિનિધિત્વ...

ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટીના STRIDE દ્વારા આયોજીત 'Development of Self Learning Material for e-Learning' વિષય પર તા.19 નવેમ્બર થી 03 ડિસેમ્બર-2007 સુધી નેશનલ વર્કશોપ દિલ્હી ખાતે યોજાઈ ગયો. જેમાં યુનિવર્સિટીના ગુજરાતી વિષયના વ્યાખ્યાતા શ્રી દશરથભાઈ જાદવ અને ઈતિહાસ વિષયના વ્યાખ્યાતા શ્રી દિલીપભાઈ કાતરિયાએ ભાગ લીધો હતો.

## પ્રાસંગિક...

### પ્રજાસત્તાક દિન ઉજવણી

ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી તેમજ R.C. Technical Institute ના સંયુક્ત ઉપક્રમે R.C.Technical ના પટાંગણમાં 60માં પ્રજાસત્તાકદિન ઉજવણી પ્રો. એ. કે. સિંહ માન. કુલપતિશ્રી, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા રાષ્ટ્રધ્વજ ફરકાવીને કરવામાં આવી હતી.

રાષ્ટ્રપર્વના આ કાર્યક્રમમાં R.C.Technical ના પ્રિન્સિપાલ, યુનિવર્સિટીના રજીસ્ટ્રારશ્રી, નિયામકશ્રી તેમજ બન્ને શૈક્ષણિક સંસ્થાના અધિકારીઓ, વ્યાખ્યાતા, શિક્ષકો તેમજ તમામકર્મચારીઓ ઉપસ્થિત રહયા હતા. કાર્યક્રમમાં માનનીય કુલપતિશ્રીએ પ્રસંગોપાત સ્વાતંત્ર સંગ્રામ વખતે થયેલ દાંડીકૂચ વિશે ઉદ્‌બોધન કરેલ. આર.સી. ટેકનીકલના પ્રિન્સિપાલે પણ પ્રસંગોપાત પ્રવચન આપી ઉજવણીનું સમાપન કરવામાં આવેલ.

### આંબેડકર જંયતિની ઉજવણી

ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા તા.૧૪ એપ્રિલ-૨૦૦૮ના રોજ ડૉ.બાબાસાહેબ આંબેડકરની ૧૧૭મી જન્મજંયતિ નિમત્તે યુનિવર્સિટીના જૂના કેમ્પસ શાહીબાગ ખાતે ઉજવણી કરવામાં આવી. કુલસચિવશ્રીએ બાબાસાહેબની પ્રતિમાને ફૂલહાર કરી તેમના જીવન ચરિત્ર વિશે તેમજ તેમને ભારતના બંધારણ ઘડવામાં આપેલ અમુલ્યો ફાળાની ચર્ચા કરી હતી. વ્યાખ્યાતા શ્રી દશરથ જાદવ દ્વારા ડૉ.બાબાસાહેબ આંબેડકરે દેશ અને સમાજ માટે કરેલ કામગીરીને યાદ કરીને કરેલ કાર્યને બિરદાવ્યા હતાં. તેમજ આપણે સૌએ તેમનામાંથી કોપી પાઠ શીખવા જેવો છે તેમ જણાવી સૌએ પોતાની શક્તિ ભક્તિ પ્રમાણે જે જગ્યાએ કામગીરી કરીએ છીએ ત્યાં નિષ્ઠાથી, સ્વાર્થને ત્યાગીને કામ કરવું જોઈએ એજ સાચી સમાજસેવા છે તેમ જણાવ્યું હતું. વધુમાં આ યુનિવર્સિટી જેના નામ પર ચાલી રહી છે તેની વ્યાખ્યાન માળાની શરૂઆત યુનિવર્સિટી દ્વારા કરવામાં આવેલ છે અને તેના અંતર્ગત અનેક કાર્યક્રમોનું આયોજન પણ કરવામાં આવેલ છે તેમ જણાવ્યું હતું. તેમના જીવનના મૂલ્યોને ધ્યાને રાખીને આપણે સૌ તે મુજબ કામગીરી કરવા કટિબદ્ધ થઈએ તેવી અભિલાષા સાથે કાર્યક્રમની પૂર્ણાહૂતી કરવામાં આવી.

## પરીક્ષા વિભાગ ...

ઓકટોબર–2007માં લેવાયેલ તમામ અભ્યાસક્રમોની પરીક્ષાના પરિણામ જાહેર કરવામાં આવેલ છે. એપ્રિલ–2008ની સત્રાંત પરીક્ષામાં 126 કેન્દ્રો પર તમામ અભ્યાસક્રમોના મળીને આશરે 50000થી વધારે વિદ્યાર્થીઓએ પરીક્ષા આપેલ છે. કમ્પ્યુટર વિષયક અભ્યાસક્રમોની પરીક્ષા 126 કેન્દ્ર પર જ્યારે અન્ય ડીગ્રી/ડિપ્લોમા અન્ય અભ્યાસક્રમોની કોર્ષની પરીક્ષા 52 (બાવન) કેન્દ્રો પર પરીક્ષા લેવાયેલ. તમામ કેન્દ્રો પર આ

પરીક્ષા દરમ્યાન ઓબર્ઝવેશન કરવામાં આવેલ. જે માટે જિલ્લા દીઠ ઓબર્ઝવેશનની ટીમ બનાવી કામગીરી કરવામાં આવેલ.

કમ્પ્યુટર વિષયક અભ્યાસક્રમની પ્રેકટીકલની પરીક્ષા તા.12.5.2008 થી તા.21.5.2008 સુધી ચાલનાર છે. જેમાં પણ તમામ કેન્દ્રો ઉપર ઓબ્ઝવેશનની વ્યવસ્થા ગોઠવવામાં આવેલ છે. તેમજ જે કેન્દ્રો પર પ્રેકટીકલની પુરતી વ્યવસ્થા નથી આવા કેન્દ્રોએ આપેલ ટાઈમટેબલ મુજબ પરીક્ષા લીધી નથી તેવા કેન્દ્રોના પ્રતિનિધિઓને યુનિવર્સિટીએ નિયત કરેલ કમિટી સામે રૂબરૂ બોલાવવામાં આવશે અને તેઓનો ખુલાસો પૃચ્છા કરવામાં આવશે. જયાં ગેરરીતિ ધ્યાન પર આવેલ છે તેવા કેન્દ્રોને પણ યુનિવર્સિટી ખાતે બોલાવવામાં આવશે.

યુનિવર્સિટી દ્વારા આગામી જુન–2008 માસમાં બાકી રહેલ અભ્યાસક્રમોની પરીક્ષા લેવામાં આવશે.

એપ્રિલ–2008 માં લેવામાં આવેલ સત્રાંત પરીક્ષાના તમામ અભ્યાસક્રમોના પરીણામ મે–2008 ના અંત સુધીમાં જાહેર કરી દેવામાં આવનાર છે. યુનિવર્સિટીના તમામ કેન્દ્રો પર કમ્પ્યુટર વિષયક પ્રેકટીકલની પરીક્ષા લેવામાં આવેલ છે તેઓએ પ્રોજેકટ–પ્રેકટીકલના માર્કસ મોડામાં મોડા મે–25 તારીખ સુધીમાં યુનિવર્સિટીને મળે તે રીતે પોસ્ટ (રજી. ઈન્સયોર પાર્સલ) થી આર.સી.ટેકનીકલ, સોલા ખાતે મોકલી આપવા.

જે વિદ્યાર્થીઓએ અગાઉ પરીક્ષા આપેલ છે અને પરિણામ મળેલ નથી તેવા વિદ્યાર્થીઓએ નિયત કરેલ નમુનાની અરજીમાં અરજી કરી યુનિવર્સિટીના સોલા ખાતેની કચેરીને મોકલી આપવી. આ અરજી ફોર્મ યુનિવર્સિટની વેબસાઈટ અથવા પરીક્ષા વિભાગમાંથી પણ મેળવી શકશે. પુરતા આધારો સાથે મળશે તેવી અરજીઓની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

એપ્રિલ–2008ની પરીક્ષાના હવે જાહેર થનારા પરીણામો માટે નીચે દર્શાવેલ અભ્યાસક્રમો માટે તેની સામે દર્શાવેલ મોબાઈલ નંબર પર સંપર્ક કરી તેની વિગતો મેળવી શકશે.

- બી.એ/બી.કોમ/ડિપ્લોમા અને એમ.એ અભ્યાસક્રમ –9228355543
- સી.સી.સી/સી.આઈ.સી/સી.પી.સી.એસ અભ્યાસક્રમ – 9228355543
- અન્ય સર્ટિફિકેટના અભ્યાસક્રમ –9228355543
- હેલ્થને લગતા અભ્યાસક્રમ –9427232131

તમામ અભ્યાસક્રમોની પરીક્ષાના પરીણામ કેન્દ્રોને નોટીફિકેશન મોકલી આપવામાં આવનાર છે તથા માર્કશીટ વિદ્યાર્થીઓને ઘરના સરનામ પર રવાના કરવામાં આવશે. જાહેર કરવામાં આવેલ પરિણામ યુનિવર્સિટીની વેબસાઈટ પર પણ જોઈ શકાશે.

## અધ્યયન અને શોધકાર્ય વિષયક...

*આ કોલમ દ્વારા ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના અધ્યાપકોના શોધકાર્યનો સંક્ષિપ્ત પરિચય આપવામાં આવે છે. સ્કૂલ ઓફ એજ્યુકેશનનાં વ્યાખ્યાતા ડૉ.મીનાબેન રાજપૂતનો શોધકાર્યનો સંક્ષિપ્તમાં પરિચય નીચે મુજબ છે.*

Tital: A Study of the work values of the students of Professional Degree in Relation to Certain Variables. *વ્યાવસાયિક સ્નાતક પદવીના વિદ્યાર્થીઓના કાર્ય મૂલ્યોનો પસંદિત ચલોના સંદર્ભમાં અભ્યાસ*

Research *ડૉ.મીનાબેન રાજપૂત*

Guide: *ડૉ. હરીશભાઈ એન. તપોધન* (M.Com., M.Ed., Ph.D.)

University: *ગુજરાત યુનિવર્સિટી*

Degree : Ph.D.

*કાર્યકારી આચાર્ય : વિવેકાનંદ કોલેજ ઓફ એજયુકેશન, રાયપુર દરવાજા, અમદાવાદ*

*અભ્યાસની અગત્યતા*

*સમાજમાં સારા મૂલ્યો હોવા એ સામાજિક અને ઉર્ધ્વ ચેતનાની નિશાની છે માનવીમૂલ્યો એ વ્યકિતની અંદરની માંગણી છે, લાગણી નથી તાત્ત્વિક દ્દષ્ટિએ નિતિમત્તા અને મૂલ્યો વચ્ચે તદ્દન નજીકનો સંબંધ છે. અનિતિપૂર્વકના કાર્યમાં પણ નીતિમત્તા છુપાયેલી હોય છે. ભૌતિકવાદના કારણે વ્યકિત ભૌતિકવાદી બની છે. તેથી જુદા જુદા સમાજમાં અને વ્યાવસાયોમાં મૂલ્યો પણ બદલાતા જાય છે. આવા પ્રસ્થાપિત મૂલ્યો રાષ્ટ્રની આર્થિક નિતિઓ પર અસર કરે છે.*

*કાર્ય મૂલ્યની વ્યાખ્યા સંકુલ પ્રકારની છે. તેનો ઉદ્‌ભવ સામાજિકીકરણની પ્રક્રિયામાં વિકાસ પામેલા મૂલ્યો વ્યકિતત્વમાં આંતરિકૃત થાય છે. લોકો શા માટે કાર્ય કરે છે? તેનો જવાબ આપણને પ્રેરણા અને કાર્યમૂલ્ય અંગેના અભ્યાસો કરવાથી મળે છે.*

*અભ્યાસમાં નીચે મુજબના નવ કાર્યમૂલ્યો લેવામાં આવ્યા છે.*

1. *વિવિધતા* 2. *પ્રતિષ્ઠા* 3. *સર્જનાત્મકતા* 4. *સલામતી* 5. *જીવનપદ્ધતિ* 6. *નાણાંકીય બદલો* 7. *સામાજિક સૂઝ* 8. *સ્વતંત્રતા* 9. *સંસ્થીકરણ*

*સ્વતંત્ર ચલ* **(Independent Variable):**

*પ્રસ્તુત અભ્યાસમાં સ્વતંત્ર ચલ તરીકે વિદ્યાશાખાના વિદ્યાર્થીની જાતિયતા,* (Sex) *વર્તન* (Domicile) *અને વિદ્યાર્થીની સામાજિક આર્થિક પરિસ્થિતિ* (SES) *હતા.*

*પરતંત્ર ચલ આધારિત ચલ* **(Dependent Variable):**

*પ્રસ્તુત અભ્યાસમાં પરતંત્ર ચલ તરીકે કાર્યમૂલ્યો લેવામાં આવ્યાં.*

*અભ્યાસનાં હેતુઓ:*

*પ્રસ્તુત સંશોધન માટે સંશોધકે નીચેના જેવા હેતુઓ નક્કી કરેલ છે.*

1 *કાર્યમૂલ્ય સંશોધનની રચના કરી પ્રમાણિત કરવામાં આવી.*

2 *શિક્ષણ, તબીબી, ઈજનેરી અને વ્યવસ્થાપન, વિદ્યાશાખાઓના સ્નાતક પદવીના વિદ્યાર્થીઓના કાર્યમૂલ્ય પસંદગીનો તુલનાત્મક અભ્યાસ કરવામાં આવ્યો.*

3 *જુદી જુદી વ્યાવસાયિક વિદ્યાશાખાઓના સ્નાતક પદવીના વિદ્યાર્થીઓના કાર્યમૂલ્ય પસંદગીનો જાતિગત વર્તનનાં સંદર્ભમાં તુલનાત્મક અભ્યાસ કરી કાર્યમૂલ્ય પસંદગીના પ્રાપ્તાંકોની આંકડાશાસ્ત્રીય ગણતરી દ્વારા વિશ્લેષણ કરી તારણો મેળવી સંશોધન અહેવાલ તૈયાર કરવામાં આવ્યો.*

*સંશોધન યોજના:*

*કાર્યમૂલ્ય સંશોધનની રચના:-*

વ્યાવસાયિક સ્નાતક પદવીના વિદ્યાર્થીઓના કાર્યમૂલ્યોનો અભ્યાસ કરવા માટે સંશોધક દ્વારા કરવામાં આવેલ અગાઉ થયેલા સંશોધનોનો અભ્યાસ અને અન્ય સંદર્ભ સાહિત્યના અભ્યાસ તથા તજ્જ્ઞોના અભિપ્રાય મુજબ કાર્ય મૂલ્યો તારવીને તે ચકાસવા સારું એક કાર્યમૂલ્ય સંશોધિનીની રચના કરી હતી. યાદૃચ્છિક રીતે વ્યાવસાયિક સ્નાતક પદવીના અભ્યાસક્રમો ચલાવતી સંસ્થાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ પર પૂર્વ પ્રાથમિક અજમાયશ પ્રાથમિક અજમાયશ અને અંતિમઅજમાયશ કરીને કાર્યમૂલ્ય પ્રાપ્તાંકોને આધારે આંકડાશાસ્ત્રીય ગણતરી દ્વારા તેને પ્રમાણિત કરવામાં આવી હતી.

અભ્યાસનાં મહત્ત્વનાં તારણો:

* તબીબી, ઈજનેરી, વ્યવસ્થાપન અને શિક્ષણ વિદ્યાશાખાના વિદ્યાર્થીઓના પ્રતિષ્ઠા, નાણાંકીય બદલો, સર્જનાત્મકતા, સામાજિક સુખ અને સ્વતંત્રતા કાર્યમૂલ્યના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત છે. જ્યારે, સલામતી, વિવિધતા, સંસ્થીકરણ અને જીવનપદ્ધતિ કાર્યમૂલ્યના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત જોવા મળેલ નથી.
* તબીબી અને ઈજનેરી વિદ્યાશાખાના કુલ વિદ્યાર્થીઓના સંસ્થીકરણ અને સર્જનાત્મકતા કાર્યમૂલ્યના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત છે. ઉપરોક્ત કાર્યમૂલ્યોમાં ઈજનેરી વિદ્યાશાખાના સરાસરી સાર્થક રીતે વધારે છે.
* તબીબી અને ઈજનેરી વિદ્યાશાખાના કુલ વિદ્યાર્થીઓના સંસ્થીકરણ અને સર્જનાત્મકતા કાર્યમૂલ્યના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત છે. ઉપરોક્ત કાર્યમૂલ્યોમાં તબીબી વિદ્યાશાખાના વિદ્યાર્થીઓની સરાસરી સાર્થક રીતે વધારે છે.
* તબીબી અને શિક્ષણ વિદ્યાશાખાના કુલ વિદ્યાર્થીઓના, પ્રતિષ્ઠા, નાણાંકીય બદલો, જીવનપદ્ધતિ, સામાજિક સુખ અને સ્વતંત્રતા કાર્યમૂલ્યના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત છે. ઉપરોક્ત કાર્યમૂલ્યોમાં તબીબી વિદ્યાશાખાના વિદ્યાર્થીઓની સરાસરી સાર્થક રીતે વધારે છે.

## વિમેન્સ ડેવલપમેન્ટ સમિતિની રચના...

ગુજરાત રાજયના મહામહિમ રાજયપાલશ્રીના આદેશ અનુસાર ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના કાર્યક્ષેત્રમાં માહિલા સાથે ગરીમા પુર્ણ વ્યવહાર થાય તેવા સઘન પ્રયાસ કરવામાં આવેલ છે તેના ભાગ રૂપે વિમેન્સ ડેવલપમેન્ટ સેલની રચના કરવામાં આવેલ છે જેમાં

| ક્રમ | નામ | હોદ્દો |
|---|---|---|
| ૧ | ડૉ.કુસુમબેન શર્મા (વ્યાખ્યાતા હિન્દી) | અધ્યક્ષ |
| ૨ | શ્રીમતી આર.પી.દરજી (એ.એફ.ઓ) | સભ્ય |
| ૩ | શ્રીમતી શ્રધ્ધાબેન રાય (BOM સભ્યશ્રી) | સભ્ય |
| ૪ | શ્રીમતી મંદાબેન પરીખ (BOM સભ્યશ્રી) | સભ્ય |
| ૫ | કુમારી જયાબેન સાકરીયા (જુન.કર્લાક) | સભ્ય |

## Complaints Committeeની રચના

નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદા પ્રમાણે કાર્યક્ષેત્રમાં સતામણી અંગે ડૉ.બાબાસાહેબ આંબેડકર યુનિવર્સિટી દ્વારા Complaints Committe રચના કરવામાં આવેલ છે

| ક્રમ | નામ | હ |
|---|---|---|
| ૧ | શ્રીમતી આર.પી.દરજી (એ.એફ.ઓ) | અ |
| ૨ | ડૉ.કુસુમબેન શર્મા (વ્યાખ્યાતા હિન્દી) | સ |
| ૩ | શ્રીમતી શ્રધ્ધાબેન રાય (BOM સભ્યશ્રી) | સ |
| ૪ | શ્રીમતી મંદાબેન પરીખ (BOM સભ્યશ્રી) | સ |
| ૫ | કુમારી જયાબેન સાકરીયા (જુન.કર્લાક) | સ |

## તા. 09-04-2008 વિમેન્સ ડેવલપમેન્ટ સેલની બેઠક

ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના નિયામકશ્રીની ચેમ્બરમાં તા.09-04-2008 ના રોજ વિમેન્સ ડેવલપમેન્ટની પ્રથમ બેઠક મળી હતી જેમા શ્રીમતી શ્રધ્ધાબેન રાય (બોર્ડ ઓફ મેનેજમેન્ટ ના સભ્ય) શ્રીમતી રશ્મિકાબેન.પી.દરજી, (એ.એફ.ઓ. ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી), શ્રીમતી કુસુમબેન શર્મા (વ્યાખ્યાતા ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી), કુમારી જયાબેન સાકરીયા (જુ.કર્લાક ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી), હાજર રહેલ. ડૉ.કુસુમબેન શર્માએ સૌ સભ્યોને આવકાર્યા હતા કમિટીના સેક્રેટરી મેમ્બર્સ તરીકે જયાબેન સાકરીયાની નિમણૂંક કરવામાં આવી કમિટીની રચના માટેના હેતુઓની ચર્ચા વિચારણા કરી વર્ષ દરમ્યાન કામગીરી કરવા માટેનું આયોજન નીચે મુજબ કરવામાં આવેલ.

- એકેડેમીક કેલેન્ડર જૂન ૨૦૦૮ થી મે ૨૦૦૯ તૈયાર કરી દર મહિને પ્રવૃત્તિઓનું આયોજન કરવું.
- દર ત્રણ મહિને પ્રવૃત્તિઓનું આયોજન કરવું.
- દર છ મહિને સેમિનાર કરવો.
- વર્ષમાં બે વાર સદર વિષય પર વ્યાખ્યાન ગોઠવવા જેના માટે એક વિષય તજજ્ઞને બોલાવવા.
- વ્યાખ્યાનમાં યુનિવર્સિટીના MSW, સ્પે.બી.એડ, હેલ્થને વિષયોને લગતા અભ્યાસક્રમમાંની વિદ્યાર્થીનીઓને આમંત્રિત કરવી.
- બહેનોને પોતાના હક માટે જાગૃતિ લાવવા માટે યુનિવર્સિટી તરફથી પોસ્ટર અને નિબંધ સ્પર્ધા ગોઠવવી.
- નિબંધ સ્પર્ધા, પોસ્ટર સ્પર્ધામાં ભાગ લેનાર વિર્દ્યાથીનીઓ માટે ત્રણ પુરસ્કાર જાહેર કરવા
- આપણા દેશની સુપ્રસિધ્ધ ઐતિહાસિક મહિલાઓનાં

જન્મ દિવસ પર કાર્યક્રમ ઉજવવો.

- વિશ્વ મહિલા દિવસ ઉજવવો
- સ્ત્રીઓને લગતી સમસ્યાને ધ્યાને આવતા આયોજન કાર્ય શરૂ કરવા.
- વિકલાંગ શાળાની કન્યાઓ માટે ડોનેશનની વ્યવસ્થા કરાવવી.
- કન્યાઓ માટે શાળા કોલેજોમાં વ્યાખ્યાન ગોઠવવા.
- વિમેન્સ ડેવલપમેન્ટની ચોપડીઓ ગ્રંથાલયમાં વસાવવી.
- વિમેન્સ ડેવલપમેન્ટ માટે એક અલગ ચેમ્બર્સ બનાવી તેમા પોસ્ટર લગાવવા
- બીજી કમિટીની બેઠકોની રચના કરવી.
- યુનિવર્સિટીઓની પરીક્ષા દરમ્યાન વિમેન્સ ડેવલપમેન્ટ કમિટી દ્વારા પરીક્ષા કેન્દ્રોની મુલાકાત લેવી.

શ્રીમતી રશ્મિબેન દરજી દ્વારા આભાર વિધિ કરી બેઠક પુર્ણ કરવામાં આવેલ છે.

## પોસ્ટર અને નિંબધ સ્પર્ધા...

ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના "વિમેન્સ ડેવલપમેન્ટ" સમિતી દ્વારા યુનિવર્સિટીમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓ માટે પોસ્ટર અને નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ છે જેના વિષયો નીચે મુજબ છે.

(૧) પોસ્ટલ સ્પર્ધા
ડ્રગ્સ અને એઈડ્સ સબંધિત પોસ્ટર

(૨) નિબંધ સ્પર્ધા
(૧) સમાજમાં વધતી જતી સ્ત્રીઓની આત્મહત્યાની ઘટનાઓ (૨) બેટી બચાવો
(૩) બેટી ભણાવો

ઉપરોક્ત નિબંધ સ્પર્ધામાં ભાગ લેનાર વિદ્યાર્થીનીઓનુ સાહિત્ય સમય મર્યાદામાં યુનિવર્સિટી કાર્યાલયે પહોચાડવાનું રહેશે. આવેલ સાહિત્યમાં મુલ્યાંકન કરી ત્રણ પુરસ્કાર આપવામાં આવશે.

નોંધ :

સદર સ્પર્ધાની જાણ જેતે સેન્ટર પર પત્રો દ્વારા કરવામાં આવેલ છે કેન્દ્રોના સંયોજકશ્રીઓને પોતાના સેન્ટરની વિદ્યાર્થીનીઓને સ્પર્ધામાં ભાગ લેવા પ્રોત્સાહિત કરવી પ્રથમ ત્રણ નંબરે આવનાર વિદ્યાર્થીનીઓને યુનિવર્સિટીના સેલ તરફથી પુરસ્કાર આપવામાં આવશે.

## નેશનલ નોલેજ કમિશન : ગુજરાતની શિક્ષણ ક્ષેત્રે પહેલ...

માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ ગુજરાત રાજયને નેશનલ નોલેજ કમિશનની ભલામણોને ધ્યાનમાં લઈને રાજયના સ્તરે તબકકાવાર પગલા લેવામાં આવેલ છે.નેશનલ નોલેજ કમિશનની ભલામણોને આધારે ૨૨ માર્ચ ૨૦૦૭ના રોજ મિટીગનું આયોજન કરવામાં આવેલ. જેમાં "એનવીઝનીગ હાયર એજયુકેશન ઈન ગુજરાત ઈન 21st સેન્ચુરી " નો રીપોર્ટ તૈયાર કરવામાં આવેલ.આ ઉપરાંત ૭ માર્ચ ૨૦૦૮ના રોજ નેશનલ નોલેજ કમિશનના સલાહકારોની એક મિટીગ કે જેમા મુખ્યસચિવ, અગ્રસચિવ અને બીજા સંબંધિત વિભાગોના સચિવશ્રીઓએ ભાગ લીધેલ. ૩ એપ્રિલ ૨૦૦૦૮ના રોજ નેશનલ નોલેજ કમિશનના સલાહકારો શ્રી રઘુનાથન, શ્રીમતી કુમુદ બંસલ તથા ડૉ.કિરણ દત્તા સાથે સંબંધિત વિભાગનો સચિવશ્રીઓ, રાજયની યુનિવર્સિટીના કુલપતિશ્રીઓ, ઉપકુલપતિશ્રીઓ તથા તજજ્ઞશ્રીઓ સાથે એક દિવસીય વર્કશોપનું આયોજન કરવામાં આવેલ.

નેશનલ નોલેજ કમિશનની ભલામણોને આધારે રાજયનાં શિક્ષણમાં જરૂરી પગલા લેવા સારૂ માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી, ડૉ.સામ પિત્રોડા, ચેરમેન, નેશનલ નોલેજ કમિશન, શ્રીરઘુનાથ, સલાહકાર,નેશનલ નોલેજ કમિશન તથા સંબધિત વિભાગોનાં સચિવશ્રીઓ સાથે ઉચ્ચ કક્ષાની બેઠકનું આયોજન કરવામાં આવેલ નેશનલ નોલેજ કમિશનની ભલામણોને આધારે રાજયમાં શિક્ષણ ક્ષેત્રે નવા શિખરો સર કરવાના હેતુસર બાઈસેગ, ગાંધીનગર ખાતેના સ્ટુડીયો ખાતે ર્ડા.સામ પિત્રોડા, શ્રી રઘુનાથ તથા યુનિવર્સિટીના માન.કુલપતિશ્રી પ્રો.અવધેશ કુમાર સિંહ સાથે ટી.વી. ટોકનું આયોજન કરવામાં આવેલ.

## પ્રકાશન :

*માન.કુલપતિશ્રી પ્રો. અવધેશકુમાર સિંહના નીચેના બે પુસ્તકો તાજેતરમાં પ્રકાશિત થયા છે.*

* **The Voice of Women : Gargi to Gangasati**
D.K. Printword(p) Ltd. New Delhi,2007

* **In(ter)ventions : Literary and critical Discourses**
Creative books,New Delhi-2007

## Dr. Babasaheb Ambedkar Open University
In Technical Collaboration With
Institute of Hotel & Tourism Management

# Admission opens shortly

**Advance post Graduate Business Management Courses:**
Specialization In: Marketing/ Finance/ Insurance & Banking/ Human Resource Management/ Foreign Trade Management/International Business/ Air port management/ Air line Management/ Hospitality Management/ Retail Management/ Information system/ Aviation Management.

**Bachelor of Business Administration:**
Specialization In: General, Hotel & Tourism Management, Insurance &Banking, Air Travel Management.

**Advance Diploma/ Advance Post Graduate Diploma Courses:**
Specialization In: Hotel & Catering Management, Food Processing & Preservation/ Media graphics & Animation.

**Certificate/ Diploma/Adv. Diploma**
( In German/ Spanish/ Japanese/ Chinese/ English/ French Language.)

**Proposal for centers are invited. Visit the University website**
**For further Information Contact:(079) 27663748, 9725043748**
**Dr. Babasaheb Ambedkar Open University, R.C Technical Campus, Opp.New High court,S G High way,Ahmedabad.WWW.baou.org**

વોકેશનલ અને પ્રોફેશનલ અભ્યાસક્રમ અંતર્ગતનું પ્રવેશ કાર્ય ટુંકસમયમાં શરૂ થનાર છે. જે સંદર્ભની જાહેરાત તા.૦૧-૦૫-૨૦૦૮ના રોજ ગુજરાત સમાચાર વર્તમાનપત્રમાં આપવામાં આવેલ

## Dr. Babasaheb Ambedkar Open University
In Technical Collaboration With
Institute of Hotel & Tourism Management

### Invites Proposal From
### Educational Institutions/Colleges/Societies/ Trusts for recognition as Study Center for the following courses:

**Advance post Graduate Diploma In Business Administration Courses:**
Specialization In: Marketing/ Finance/ Insurance & Banking/ Human Resource Management/ Foreign Trade Management/International Business/ Air port management/ Air line Management/ Hospitality Management/ Retail Management/ Information system/ Aviation Management.

**Bachelor of Business Administration:**
Specialization In: General, Hotel & Tourism Management, Insurance &Banking, Air Travel Management.

**Advance Diploma/ Advance Post Graduate Diploma Courses:**
Specialization In: Hotel & Catering Management, Food Processing & Preservation/ Media graphics & Animation.

**Certificate/ Diploma/Adv. Diploma**
( In German/ Spanish/ Japanese/ Chinese/ English/ French Language.)

**Infrastructure Requirement:**
- Adequate Infrastructure with sufficient faculty as per university norms.
- For Hotel management Programmes- Practical Lab Facility & tie up with good Hotels.

**For further Information/application forms apply to:**
**The Registrar, Dr. Babasaheb Ambedkar Open University,**
**R. C Technical Campus, Opp. New High court, S G High way Ahmedabad**
**Website: WWW.baou.org.**
**Contact: (079) 27663748, 9725043748**
**Last Date of Receiving Proposal: 10/5/08**

વોકેશનલ અને પ્રોફેશનલ અભ્યાસક્રમ અંતર્ગતના અભ્યાસકેન્દ્રો માટે તા.૦૧-૦૫-૨૦૦૮ના રોજ ધી ટાઈમ્સ ઓફ ઈન્ડિયામાં જાહેરખબર આપવામાં આવેલ.

इन्दिरा गांधी राष्ट्रीय मुक्त विश्वविद्यालय
**INDIRA GANDHI NATIONAL OPEN UNIVERSITY**

मैदान गढ़ी, नई दिल्ली-110068, भारत
MAIDAN GARHI, NEW DELHI-110068, INDIA
फोन PHONE : (O) 91-11-29535923-32, 29533340 (D)
टेलीफैक्स TELEFAX: 91-11-29536668
ई-मेल E-mail : basuswaraj@hotmail.com
वेबसाईट WEBSITE : www.ignou.ac.in/www.dec.ac.in

दूरस्थ शिक्षा परिषद
DISTANCE EDUCATION COUNCIL

प्रो० स्वराज बसु
निदेशक
**Prof. Swaraj Basu**
Director

7832

F.No. DEC/OU/Recog/2008
Date: 8.04.2008

Sub: Recognition by the Distance Education Council to State Open Universities (SOUs) -reg.

Dear Prof. Singh,

This has reference to the meeting of Vice-Chancellors of State Open Universities held on [illegible] 2007 and 20.02.2008-[illegible]08 in which request was made by the Vice Chancellors of SOUs to the Chairman, DEC for consideration of regular approval to be given to the SOUs. The [illegible] DEC has considering the representations and accorded recognition to your university for offering programmes/courses approved by the statutory bodies/authorities of your university for a period of five years w.e.f. the date of issue of this letter.

Further, we would also like to inform that, it is the responsibility of the university to follow the norms prescribed by the concerned regulatory bodies or seek their recognition for [illegible] programmes as per the requirements. Getting approval of concerned statutory apex body for relevant programme/s will be the sole responsibility of the university.

With regards,

Yours sincerely,

(Swaraj Basu)

Dr. Avadesh Kumar Singh
Vice Chancellor
Dr. Babasaheb Ambedkar Open University
R.C. Technical Institute Campus
Sarkhej Gandhinagar Highway
Opp. Gujarat High Court, Soha
AHMEDABAD 380 060

## સિવિલ સર્વિસીઝ કાર્યક્રમની CD વેચાણ અને લાયબ્રેરી સેવા અંગે...

યુનિવર્સિટી દ્વારા સંચાલિત સેટેલાઈટ ઓપન એન્ડ ડિસ્ટન્સ લર્નિંગ પરામર્શન કાર્યક્રમ (SATODL) અંતર્ગત સિવિલ સર્વિસીઝ પરીક્ષાની તૈયારીમાં ગુજરાતના વિદ્યાર્થીઓને મદદરૂપ થવાના ભાગ રૂપે વર્ષ-૨૦૦૫-૦૬ દરમ્યાન જીવંત કાર્યક્રમો યોજયા હતા. સદર કાર્યક્રમની તૈયાર થયેલ CD યુનિવર્સિટી ખાતેથી વેચાણથી ઉપલબ્ધ છે. આ CD સિવિલ સર્વિસીઝ પરીક્ષામાં પ્રિલીમ પરીક્ષાની તૈયારીમાં મદદરૂપ થતા વિષયોને આવરી લઈને તૈયાર કરવામાં આવેલ છે. નીચે દર્શાવેલ વિષયોની પ્રિલીમ પરીક્ષા અંગેની CD વેચાણથી ઉપલબ્ધ છે.

| ક્રમ | વિષય |
|---|---|
| (૧) | જનરલ સ્ટડી-સિવિલ સર્વિસીઝ પરીક્ષા વિશે |
| (૨) | જનરલ સ્ટડી-મેન્ટલ એબીલીટી |
| (૩) | જનરલ સ્ટડી-હિસ્ટ્રી |
| (૪) | જનરલ સ્ટડી-પોલીટી |
| (૫) | જનરલ સ્ટડી-જીઓગ્રાફી |

આ ઉપરાંત UPSC & GPSCની પરીક્ષા આપતા કોઈપણ વિદ્યાર્થી ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી લાયબ્રેરીનો રેફરન્સ તરીકે નિયમ આધિન ઉપયોગ કરી શકે છે.

**BOOK - POST**

STAMP

To,

રવાના:

કુલસચવિશ્રી,

ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,

આર.સી.ટેકનિકલ ઈન્સ્ટિટ્યુટ કેમ્પસ, ગુજરાત હાઈકોર્ટની સામે,

સરખેજ- ગાંધીનગર હાઈવે, સોલા, અમદાવાદ-૬૦(ગુજરાત)

## સંપર્ક નંબર

યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ અને કેન્દ્રોના સંયોજકોશ્રીઓ યુનિવર્સિટીના જુદા જુદા વિભાગના વડાઓનો સીધો સંપર્ક કરી પોતાને મેળવવાની થતી માહિતી મેળવી શકે તે માટે દરેક વિભાગના વડાને યુનિવર્સિટી દ્વારા મોબાઈલ આપવામાં આવેલ છે. જેથી વિદ્યાર્થીઓ તથા સંયોજકશ્રીઓ જે તે વિભાગનો સીધો સંપર્ક કરી શકશે. યુનિવર્સિટીના ફોન નંબર, અધિકારીશ્રીઓના તથા વિભાગના વડાઓના ફોન નંબરમાં ફેરફાર થયેલ છે. તેથી અત્રે આપવામાં આવે છે. જેથી વિદ્યાર્થીઓ તથા સંયોજકશ્રીઓને જે- તે વિભાગની કામગીરી હોય તેનો જ સીધો સંપર્ક કરવો. જેથી યુનિવર્સિટીના અન્ય કર્મચારીનો સમય બચી શકે. અને આપને સંપૂર્ણ માહિતી સંતોષકારક મળી શકેઅને સમસ્યાનો નિકાલ કરી શકશે.

| ક્રમ | નામ | વિભાગ/હોદ્દો | સંપર્ક નંબર |
|---|---|---|---|
| 1 | શ્રી. કે.એ.પોટા | કુલસચિવ | 27665056 |
| 2 | શ્રી.દશરથ જાદવ | પરીક્ષા મદદનીશ કુલસચિવ | 9376111460 |
| 3 | શ્રીમતી.આર. પી. દરજી | મ.ના.આ. | 9913769683 |
| 4 | શ્રી.એસ.સી. શાહ | હિસાબી અધિકારી | 9228355557 |
| 5 | શ્રીમતી. આર.વી. પવાર | પરીક્ષા | 22860587 |
| 6 | ડૉ. કુસુમબેન શર્મા | સ્વાધ્યાયકાર્ય સંચાલન | 9228355546 |
| 7 | શ્રી.હરદીપસિંહ ગોહીલ | પ્રવેશ | 9913175435 |
| 8 | શ્રી.દિલીપ કાતરીયા | અભ્યાસકેન્દ્ર સંચાલન | 9913769685 |
| 9 | શ્રી.સુરભી ભપલ | ઈંગ્લીશ લેંગ્વેજ લેબ | 9913769682 |
| 10 | ડૉ.ધવલ પંડયા | હોટલ મેનેજમેન્ટ | 9427232131 |
| 11 | ડૉ.ધર્મેન્દ્ર બકરાણીયા | પી.એચ.ડી.& સ્પે.બી.એડ્. | 9909823336 |
| 12 | ડૉ.હેતલ પંડયા | વિદ્યાર્થી સહાય સેવા | 9909823337 |
| 13 | પ્રો.મિહીર મોરી | નેક, નોલેજ પોર્ટલ | 9228355548 |
| 14 | શ્રી.રાજુ વન | એમ.એસ. ડબલ્યુ. | 9228355549 |
| 15 | પ્રો.મીનાક્ષી ચૌહાણ | બી.એડ્ | 9909823332 |
| 16 | શ્રી.એલ. એન. નાઈ | ગોડાઉન ઈ.ચા. | 9909822609 |
| 17 | શ્રી.દિલીપભાઈ પંડ્યા | ઓ.એસ. | 9228355560 |
| 18 | શ્રી.દિપેશ જાની | એસ્ટેટ | 9228355570 |
| 19 | શ્રીરામ | MKCL | 9228355562 |
| 20 | ડૉ.મીનાબેન રાજપૂત | SC/ST Cell | 9909823336 |

### સમાચારો નીચે મુજબના સરનામે મોકલવા

શ્રીમતી ચેતના શાહ, ગ્રંથપાલ,
ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,
આર.સી.ટેકનિકલ, ઈન્સ્ટિટ્યુટ કેમ્પસ, એસ.જી હાઈવે,
સોલા, અમદાવાદ-૬૦

પ્રકાશક : કુલસચિવશ્રી, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, આર.સી.ટેકનિકલ, ઈન્સ્ટિટ્યુટ કેમ્પસ, એસ.જી હાઈવે, સોલા, અમદાવાદ-૬૦

તંત્રી: વ્યા.દશરથભાઈ જાદવ

સંપાદક : શ્રીમતી ચેતના શાહ અને ડૉ.કુસુમ શર્મા

કોમ્પ્યુટર સેટિંગ અને ડિઝાઈન: શ્રીમતી ગીતા પરીખ